


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

नवसर्जन संस्कृति
# નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 061
Dt.: 04-01-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa


### માઘ મેળામાં મહાકુંભ જેવી વ્યવસ્થાઓ

# માઘ મેળામાં પહેલા દિવસે ૬.૫ લાખ શ્રદ્ધાળુએ કર્યા સંગમ સ્નાન

## પ્રથમ સ્નાનથી શરૂ થયેલો આ મેળો ૧૫ ફેબ્રુઆરી, મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે: વિવિધ માર્ગોથી શ્રદ્ધાળુઓ ત્રિવેણી નદીમાં સ્નાન કરવા પહોંચ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

પોષ પૂર્ણિમાના શુભ અવસર પર પ્રયાગરાજમાં માઘ મેળો શરૂ થઈ ગયો છે. પ્રથમ સ્નાનથી શરૂ થયેલો આ મેળો ૧૫ ફેબ્રુઆરી, મહાશિવરાત્રી સુધી ચાલુ રહેશે. વિવિધ માર્ગોથી શ્રદ્ધાળુઓ ત્રિવેણી નદીમાં સ્નાન કરવા માટે પહોંચ્યા હતા. સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં જ ૬.૫ લાખ લોકોએ ગંગા સ્નાન કરી લીધું છે. અત્યાર સુધીમાં ઘણા પ્રમુખ સંત મહાત્મા સ્નાન કરી ચૂક્યા છે. કિન્નર અખાડાના મહામંડલેશ્વર કલ્યાણી નંદ ગિરી પોતાના અનુયાયીઓ સાથે મેળા વિસ્તારમાં સ્નાન કરવા માટે પહોંચ્યા હતા.

શુક્રવારે જ લાખો કલ્પવાસીઓ અને સંન્યાસીઓ સંગમ કિનારે પહોંચી ગયા હતા. વહીવટી અધિકારીઓએ અનુમાન લગાવ્યું છે કે, શુક્રવાર સાંજ સુધીમાં ૧૨ થી ૧૫ લાખ શ્રદ્ધાળુઓ અને કલ્પવાસીઓ મેળા વિસ્તારમાં પહોંચી ગયા હતા. કલ્પવાસીઓ સંગમની રેતી પર એક મહિનાની કઠોર તપસ્યા કરશે, જ્યારે સાધુઓ અને સંતો પોતાના શિબિરોમાં પ્રવચન અને સાધનામાં લીન રહેશે. આ દરમિયાન સંતોના શિબિરોમાં કથા અને ભજન સહિત ઘણી પ્રવૃત્તિઓ પણ થશે.

માઘ મેળાને મિનિ કુંભ કહેવામાં આવી રહ્યો છે. એવું કહેવાય છે કે માઘ મહિનામાં પવિત્ર નગરી પ્રયાગરાજના સંગમમાં પવિત્ર સ્નાન કરનારાઓ બધા પાપોથી મુક્ત થઈ જાય છે, જેનાથી મુક્તિનો માર્ગ ખુલે છે. ભક્તો ૪૪ દિવસ સુધી સંગમની રેતી પર કઠોર જપ અને ધ્યાન કરશે. પોષ પૂર્ણિમાથી માઘ પૂર્ણિમા સુધી માઘ મેળામાં આશરે ૧૨-૧૫ કરોડ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે.

માઘ મેળા દરમિયાન મુખ્ય તિથિઓ પર સ્નાન કરવાનું મહત્વનું છે. પોષ પૂર્ણિમા પછી, માઘ મેળામાં બીજું મોટું સ્નાન ૧૪ જાન્યુઆરી, મકરસંક્રાંતિના દિવસે થશે. આ દિવસથી, સૂર્ય ઉત્તર તરફ આગળ વધે છે. મકરસંક્રાંતિના દિવસે ગંગા સ્નાન કરવાથી દેવી-દેવતાઓનો આશીર્વાદ મેળવવાનો અવસર મળે છે. માઘ મેળા દરમિયાન કુલ છ મોટા સ્નાન થશે. મકરસંક્રાંતિના દિવસે સ્નાન ઉપરાંત, દાન પણ મહત્વપૂર્ણ છે.

**માઘ મેળો ૨૦૨૬:**
**મુખ્ય સ્નાનની તારીખો**

૩ જાન્યુઆરી, ૨૦૨૬, પોષ પૂર્ણિમા
૧૪ જાન્યુઆરી, ૨૦૨૬, મકરસંક્રાંતિ
૧૮ જાન્યુઆરી, ૨૦૨૬, મૌની અમાવસ્યા
૨૩ જાન્યુઆરી, ૨૦૨૬, વસંત પંચમી
૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, માઘી પૂર્ણિમા
૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬, મહાશિવરાત્રી

પ્રથમ વખત માઘ મેળાનો લોગો જારી કરવામાં આવ્યો છે. બીજી તરફ શ્રદ્ધાળુઓની સુવિધા માટે વહીવટીતંત્રએ ખાનગી કંપનીઓ સાથે વાત કરીને સેવા પણ શરૂ કરી છે, જેનાથી શ્રદ્ધાળુઓ સંગમની નજીક સુધી જઈ શકે. આ સાથે જ પ્રથમ વખત વીજળીના થાંભલાઓ પર QR કોડ લગાવવામાં આવ્યા છે, જેનાથી લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકશે, એવો દાવો કરવામાં આવ્યો છે કે તેમને મિનિટોમાં જ મદદ મળી જશે.

ડિવિઝનલ કમિશનર સૌમ્યા અગ્રવાલના જણાવ્યા પ્રમાણે આ વર્ષે હેલિકોપ્ટર સેવા અને પેરાગ્લાઈડિંગ સેવા શરૂ કરવામાં આવશે. બીજી તરફ પર્યટનને પ્રોત્સાહન આપવા માટે ચર્ચિત કલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા છે. સુરક્ષા માટે મેળા વિસ્તારમાં પોલીસ સ્ટેશન, ચોકી, વોટર પોલીસ સ્ટેશન, કંટ્રોલ રૂમ અને વોચ ટાવર સ્થાપિત કરવામાં આવ્યા છે. AI-આધારિત CCTV કેમેરા જ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે.

પોલીસ કમિશનર જોગેન્દ્ર કુમારે જણાવ્યું કે, મેળા વિસ્તારથી લઈને પ્રયાગરાજ કમિશનરેટ સુધી ટ્રાફિક સુગમ રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મેળા વિસ્તારમાં ૧૦ ચક્રની સુરક્ષા વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. તે મુજબ જ ટ્રાફિકનું સંચાલન કરવામાં આવશે. તેના માટે દરેક જગ્યાએ ટીમો તહેનાત કરવામાં આવી છે. મહાવીર અને અક્ષયવત કોરિડોર પર વિશેષ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે.

ડિવિઝનલ કમિશનર સૌમ્યા અગ્રવાલને મોબાઈલ નેટવર્ક અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, તે એક સમસ્યા છે. તેના માટે મોબાઈલ કંપનીઓ સાથે વાત થઈ ગઈ છે. આ સમસ્યાનો ઉકેલ આવી જશે, કારણ કે ડિજિટલ મેળા માટે તેનો ઉપયોગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. નેટવર્ક કનેક્ટિવિટીમાં કોઈ સમસ્યા નહીં રહેશે.

આ વ્યવસ્થાઓ છે

- ૧૭ પોલીસ સ્ટેશન અને ૪૦ પોલીસ ચોકીઓ સ્થાપિત કરવામાં આવી છે.
- ૨૦ ફાયર સ્ટેશન અને ૯ ચોકીઓ સ્થાપિત કરવામાં આવી છે.
- ૧૧૫૪ CCTV કેમેરાથી સમગ્ર જિલ્લાની દેખરેખ રાખવામાં આવશે.
- ૨૬૦ AI આધારિત CCTV કેમેરા દ્વારા મેળા પર રહેશે નજર.
- મેળા વિસ્તારમાં ૫૦ વોચ ટાવર બનાવવામાં આવ્યા છે.
- ૦૧ વોટર પોલીસ સ્ટેશન અને એક કંટ્રોલ રૂમ પણ બનાવવામાં આવ્યો છે.
- ૦૮ કિલોમીટરમાં ડીપ વોટર બેરિકેડિંગ કરવામાં આવશે.
- ૦૨ કિલોમીટરના દાયરામાં જાળીદાર સુરક્ષા વ્યવસ્થા હશે.
- મેળામાં સુરક્ષા માટે ૦૮ ઊઈ ટીમ તહેનાત કરી દેવામાં આવી છે.
- જિલ્લામાં વિવિધ સ્થળોએ ૯૦૦ બેરિયર લગાવવામાં આવ્યા છે.
- આંતરરાજ્ય સરહદ પર ૧૪ ઈમરજન્સી ડાયવર્ઝન હશે.
- મેળા વિસ્તારમાં ૭૫ ડોકટરોને ખાસ તહેનાત કરવામાં આવ્યા છે.
- ૨૦૬ પબ્લિક એડ્રેસ સિસ્ટમથી લોકોને જાણકારી આપવામાં આવશે.
- મેળા વિસ્તારમાં ૫૦ એમ્બ્યુલન્સ હંમેશા તહેનાત રહેશે.

### વૈશ્વિક બજારમાં ધાતુઓની કિંમતોમાં ઐતિહાસિક તેજી

# એસી, કિચન અને બાથ ફિટિંગ સામાન થશે મોંઘા!

## આંતરરાષ્ટ્રીય સ્તરે એલ્યુમિનિયમ, કોપર અને નિકલ જેવી જીવનજરૂરી ધાતુઓના ભાવમાં ઐતિહાસિક ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક બજારમાં કાચા માલના વધતા ભાવ હવે સામાન્ય ગ્રાહકોના ઘર સુધી પહોંચી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે એલ્યુમિનિયમ, કોપર અને નિકલ જેવી જીવનજરૂરી ધાતુઓના ભાવમાં ઐતિહાસિક ઉછાળો આવતા મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ખળભળાટ છે.

ઉત્પાદન ખર્ચમાં થયેલો આ અસહ્ય વધારો હવે એસી, કિચન અપ્લાયન્સિસ અને બાથ ફિટિંગ્સ જેવી ચીજવસ્તુઓના ભાવમાં તોતિંગ વધારા તરીકે ગ્રાહકો સામે આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

વૈશ્વિક બજારમાં ધાતુઓની કિંમતોમાં ઐતિહાસિક તેજી જોવા મળી રહી છે, જેમાં ખાસ કરીને કોપર અને એલ્યુમિનિયમ જેવી બેઝ મેટલ્સ નવા રેકોર્ડ સર્જી રહી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે કોપર ૧૨,૦૦૦ ડોલર પ્રતિ ટનની ઓલ-ટાઈમ હાઈ સપાટી વટાવી ચૂક્યું છે, જેની અસર MCX પર પણ દેખાઈ રહી છે અને ત્યાં ભાવ કિલો દીઠ રૂ.૧૩૦૦ સુધી પહોંચી ગયા છે.

તેવી જ રીતે, એલ્યુમિનિયમ પણ ૩,૦૦૦ ડોલર પ્રતિ ટનથી વધુ કિંમતે વેચાઈને છેલ્લા ત્રણ વર્ષની સર્વોચ્ચ સપાટી પર છે. માત્ર ઔદ્યોગિક ધાતુઓ જ નહીં, પરંતુ કિંમતી ધાતુઓમાં પણ વર્ષ ૨૦૨૫માં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો છે, જેમાં સોનાએ અંદાજે ૬૫% અને ચાંદીએ આશ્ચર્યજનક ૧૪૫% જેટલું મજબૂત રિટર્ન આપીને રોકાણકારોને માલામાલ કર્યા છે.

કાચા માલના ભાવમાં થયેલા અસહ્ય વધારાને કારણે ઉત્પાદક કંપનીઓ હવે વધારાનો આર્થિક બોજ સહન કરવાની સ્થિતિમાં રહી નથી, જેની સીધી અસર હવે ઘરગથ્થુ વપરાશની ચીજો પર જોવા મળશે. વિવિધ રિપોર્ટ્સ અનુસાર, એસી, ફ્રિજ અને કિચન અપ્લાયન્સિસના ભાવમાં ૫ થી ૮ ટકાનો તોતિંગ વધારો થવાની સંભાવના છે.

આ ઉપરાંત, બાથવેર ક્ષેત્રે પણ મોટી અસર પડી રહી છે; ખાસ કરીને નળ અને અન્ય ફિટિંગ્સમાં વપરાતા પિત્તળના ભાવ તાંબાની તેજીને કારણે વધતા કંપનીઓ હવે ભાવ વધારાની તૈયારીમાં છે. માત્ર મોટા ઉપકરણો જ નહીં, પરંતુ રસોડામાં વપરાતા કુકવેર અને અન્ય નાના સાધનો પણ મોંઘા થવા જઈ રહ્યા છે, જે સામાન્ય ગ્રાહકોના ઘરના બજેટને ખોરવી નાખશે.

વૈશ્વિક બજારમાં ધાતુઓની કિંમતો વધવા પાછળ મુખ્યત્વે સપ્લાય અને પ્રોડક્શનની સમસ્યાઓ જવાબદાર છે. એલ્યુમિનિયમની વાત કરીએ તો, ચીનમાં ઉત્પાદન ક્ષમતા પર મુકાયેલા પ્રતિબંધો અને યુરોપમાં મોંઘી વીજળીને કારણે તેનું ઉત્પાદન ઘટ્યું છે, જ્યારે બીજી તરફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે તેની માંગ વધી રહી છે.

કોપરમાં ઈન્ડોનેશિયા અને ચિલી જેવા દેશોમાં માઈનિંગ અકસ્માતો અને હડતાલને કારણે સપ્લાયમાં મોટો ઘટાડો થયો છે, જેને લીધે વર્ષ ૨૦૦૯ પછીનો સૌથી મોટો ભાવવધારો જોવા મળ્યો છે.

તેવી જ રીતે, નિકલના ભાવમાં ઉછાળો આવવાનું મુખ્ય કારણ વિશ્વના સૌથી મોટા ઉત્પાદક દેશ ઈન્ડોનેશિયા દ્વારા કરવામાં આવેલો ઉત્પાદન કાપ છે. આમ, વૈશ્વિક સ્તરે ઉત્પાદન ઓછું અને માંગ વધુ હોવાથી કિંમતો સતત વધી રહી છે.

### જીવતો બાળી નાખવાનો થયો હતો પ્રયાસ

# બાંગ્લાદેશમાં હુમલાનો શિકાર ખોકન દાસનું પણ મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં લઘુમતીઓ પરના હુમલાઓનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. શરિયતપુર જિલ્લામાં પેટ્રોલ છાંટીને જીવતા સળગાવી દેવાયેલા હિન્દુ દુકાનદાર ખોખન દાસ આખરે જિંદગીની જંગ હારી ગયા છે. બે દિવસ સુધી ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તેમનું મૃત્યુ થયું છે. આ ઘટના છેલ્લા બે અઠવાડિયામાં બાંગ્લાદેશમાં કોઈ હિન્દુ પર થયેલો વધુ એક મોટો હુમલો છે, જેણે વચગાળાની સરકારની ભૂમિકા અને લઘુમતીઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક મીડિયા અને પરિવારના જણાવ્યા અનુસાર, ૫૦ વર્ષીય ખોખન દાસ ૩૧ ડિસેમ્બરની રાત્રે પોતાની દવાની દુકાન અને મોબાઈલ બેંકિંગનો નાનો વ્યવસાય બંધ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે જ એક હિંસક ટોળાએ તેમને રસ્તામાં ઘેરી લીધા. પહેલા તેમના પેટના નીચેના ભાગમાં છરી વડે હુમલો કરવામાં આવ્યો અને પછી માથા પર પ્રહાર કરાયો. આટલેથી ન અટકતા, હુમલાખોરોએ તેમના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી. પોતાનો જીવ બચાવવા માટે, ખોખન દાસ કોઈક રીતે નજીકના તળાવમાં કૂદી પડ્યા, જેનાથી આગ તો બુઝાઈ ગઈ, પરંતુ ત્યાં સુધીમાં તેઓ ગંભીર રીતે દાઝી ચૂક્યા હતા. હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે દાઝી જવા અને વધુ પડતું લોહી વહી જવાને કારણે તેમની જિંદગી બચાવી શકાઈ ન હતી. ખોખન દાસની પત્નીએ મીડિયા સાથે વાત કરતાં રડતાં-રડતાં કહ્યું, 'મારા પતિ એક સાધારણ માણસ હતા. તેમની કોઈની સાથે કોઈ દુશ્મની નહોતી. મને સમજાતું નથી કે તેમને આટલી નિર્દયતાથી કેમ મારી નાખવામાં આવ્યા. અમે ફક્ત ન્યાય ઈચ્છીએ છીએ.' આ પહેલા ૨૪ ડિસેમ્બરે ૨૯ વર્ષીય અમૃત મંડલને કથિત રીતે ટોળાએ માર મારીને હત્યા કરી નાખી હતી. જ્યારે ૧૮ ડિસેમ્બરે ૨૫ વર્ષીય દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદાનો ખોટો આરોપ લગાવીને ફેક્ટરીની અંદર જ ટોળાએ તેની હત્યા કરી, તેના શબને ઝાડ પર લટકાવીને આગ લગાવી દીધી હતી.

### છત્તીસગઢમાં વિવિધ સ્થળોએ અથડામણ

# છત્તીસગઢમાં સુરક્ષા દળોએ ૧૪ નક્સલીઓને ઠાર કર્યા

## સુકમા જિલ્લામાં અથડામણમાં બાર નક્સલીઓ જ્યારે બીજાપુરમાં પણ બે નક્સલીઓ માર્યા ગયા હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)બીજાપુર

છત્તીસગઢથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. શનિવારે સવારે સુકમા અને બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ. અહેવાલો અનુસાર, આ એક્રાઉન્ટરમાં કુલ ૧૪ નક્સલવાદીઓ માર્યા ગયા. સુકમા જિલ્લામાં આ એક્રાઉન્ટરમાં બાર માર્યા ગયા, જ્યારે બીજાપુર જિલ્લામાં આ એક્રાઉન્ટરમાં બે માર્યા ગયા. અધિકારીઓએ જણાવ્યું હતું કે શનિવારે સવારે ૫ વાગ્યાથી આ વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કુલ ૧૪ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે.પોલીસે જણાવ્યું હતું કે શનિવારે છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં સુરક્ષા દળો સાથે અલગ અલગ એક્રાઉન્ટરમાં ૧૪ નક્સલવાદીઓ માર્યા ગયા. પોલીસે જણાવ્યું હતું કે સુકમામાં ૧૨ થી વધુ નક્સલવાદીઓ માર્યા ગયા, જ્યારે પડોશી બીજાપુર જિલ્લામાં વહેલી સવારે બે નક્સલવાદીઓ માર્યા ગયા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સુકમા જિલ્લાના દક્ષિણી ક્ષેત્રમાં એક જંગલમાં ગોળીબાર થયો હતો, જ્યાં સુરક્ષા કર્મચારીઓની એક ટીમ નક્સલ વિરોધી કાર્યવાહી પર હતી. તેમણે કહ્યું, "અત્યાર સુધી ૧૨ થી વધુ નક્સલીઓ માર્યા ગયા છે. ઓપરેશન ચાલુ છે અને વધુ વિગતો પછીથી શેર કરવામાં આવશે." બીજાપુરમાં, જિલ્લાના દક્ષિણ વિસ્તારમાં એક જંગલમાં ગોળીબાર થયો હતો જ્યારે રાજ્ય પોલીસના એકમ, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડની એક ટીમ સવારે ૫ વાગ્યે આવી જ કામગીરી કરી રહી હતી. તેમણે કહ્યું કે ઘટનાસ્થળેથી બે નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. અધિકારીએ કહ્યું કે સમયાંતરે ગોળીબાર ચાલુ છે અને વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. ગયા વર્ષે, છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેના વિવિધ એક્રાઉન્ટરમાં ૨૮૫ નક્સલીઓ માર્યા ગયા હતા. આ દરમિયાન, છત્તીસગઢના મોસ્ટ વોન્ટેડ નક્સલી નેતા દેવા બરસેએ હૈદરાબાદમાં આત્મસમર્પણ કર્યું છે. દેવા સાથે વીસ નક્સલીઓએ પણ આત્મસમર્પણ કર્યું છે. વધુ માહિતી આપવા માટે પોલીસ બપોરે ૩ વાગ્યે હૈદરાબાદમાં પ્રેસ કોન્ફરન્સ કરશે. દેવા તેના સાથીઓ સાથે તેલંગાણાના મુલુગુ પહોંચ્યો હતો, જ્યાંથી પોલીસ તેને હૈદરાબાદ લાવી હતી.

# મહારાષ્ટ્રમાં બિનહરીફ ચૂંટાયેલા ઉમેદવારો વિરુદ્ધ તપાસનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં મહાનગર પાલિકાની ચૂંટણીઓ વચ્ચે રાજ્ય ચૂંટણી પંચે (SEC) એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લીધો છે. રાજ્યની વિવિધ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જે ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે, તેમની સામે તપાસ કરવામાં આવશે. આ આદેશને કારણે ખાસ કરીને સત્તારૂઢ મહાયુતિ ગઠબંધનના વિજેતા ઉમેદવારોમાં ફફડાટ છે.

મહારાષ્ટ્રની આ ચૂંટણીમાં સત્તારૂઢ મહાયુતિ ગઠબંધનનો દબદબો જોવા મળ્યો છે, જેમાં કુલ ૬૮ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. પક્ષવાર વિગતો પર નજર કરીએ તો, ભારતીય જનતા પાર્ટીના સૌથી વધુ ૪૪ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે, જ્યારે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના ૨૨ અને અજિત પવારની આગેવાની હેઠળની NCPના ૨ ઉમેદવારો બિનહરીફ જીતવામાં સફળ રહ્યા છે. જોકે, હવે આ તમામ બેઠકો પર રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તપાસ કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી આ તપાસ પાછળનું મુખ્ય કારણ એ છે કે, પંચને એવી આશંકા છે કે બિનહરીફ જીતેલા ઉમેદવારોના હરીફો પર ફોર્મ પરત ખેંચવા માટે કોઈ પણ પ્રકારનું દબાણ લાવવામાં આવ્યું હોય અથવા તેમને કોઈ લાલચ આપીને મજબૂર કરવામાં આવ્યા હતા.




# તંત્રી લેખ......

## સ્વચ્છ પાણી એક કાયદેસરનો અધિકાર બનવો જોઈએ

ભારતે તેના પર્યાવરણીય સંકટને માપવાનું શીખી લીધું છે. હવા ગુણવત્તા સૂચકાંક દ્વારા દરરોજ વાયુ પ્રદૂષણ માપવામાં આવે છે. ગરમીના મોજા અને પૂર જાહેર ચર્ચા પર પ્રભુત્વ ધરાવે છે, પરંતુ જ્યારે પીવાનું પાણી જીવન માટે જોખમી બની જાય છે, ત્યારે પ્રતિભાવ ખતરનાક રીતે મોડો, મર્યાદિત અને અલ્પજીવી હોય છે. ઈન્દોરના ભગીરથપુરા વિસ્તારમાં દૂષિત પીવાના પાણીથી થયેલા તાજેતરના મૃત્યુ અપવાદ નથી, પરંતુ ઊંડી વહીવટી નિષ્ફળતાનું લક્ષણ છે.

ઈન્દોરની ઘટના દેશના વિવિધ ભાગોમાં બનેલી સમાન દુર્ઘટનાઓ શ્રેણીનો એક ભાગ છે. ગુજરાતના મહિસાગર જિલ્લામાં તાજેતરમાં કમળો ફાટી નીકળ્યો હતો જે દૂષિત બોરવેલ અને મ્યુનિસિપલ પાણીના સ્ત્રોતો સાથે જોડાયેલો હતો. તમિલનાડુના તિરુવલ્લુરમાં દૂષિત નળનું પાણી પીવાથી હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. ઓડિશાના સંબલપુરમાં ૨૦૧૪માં હેપેટાઈટિસ ફાટી નીકળ્યો હતો, જેમાં ૩,૯૦૦ થી વધુ લોકો સંક્રમિત થયા હતા અને લગભગ ૩૬ લોકોના મોત થયા હતા.

ભારતમાં અસુરક્ષિત પીવાનું પાણી સ્થાનિક સમસ્યા નથી, પરંતુ વારંવાર આવતી કટોકટી છે. આ કટોકટીનું પ્રમાણ ભયાનક છે. ૨૦૦૫ થી ૨૦૨૨ ની વચ્ચે, ભારતમાં તીવ્ર ઝાડા, ટાઈફોઈડ, વાયરલ હેપેટાઈટિસ અને કોલેરા જેવા મુખ્ય પાણીજન્ય રોગોના ૨૦.૯૮ કરોડથી વધુ કેસ નોંધાયા હતા, જેના પરિણામે ૫૦,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. વધુમાં, નીતિ આયોગના કમ્પોઝિટ વોટર મેનેજમેન્ટ ઈન્ડેક્સ મુજબ, પીવાના પાણીની અપૂરતી પહોંચને કારણે દર વર્ષે આશરે ૨૦૦,૦૦૦ લોકો મૃત્યુ પામે છે.

આમ છતાં, પાણીની ગુણવત્તા ક્યારેય અન્ય પર્યાવરણીય સૂચકાંકો જેટલી રાજકીય પ્રાથમિકતા બની નથી. વૈશ્વિક જળ ગુણવત્તા સૂચકાંકમાં ભારત ૧૨૨ દેશોમાં ૧૨૦મા ક્રમે છે. એવો અંદાજ છે કે દેશના આશરે ૭૦ ટકા પાણીના સ્ત્રોત દૂષિત છે. દૂષિત પાણીને કારણે થતા રોગો કામકાજના દિવસો ગુમાવવાનું, તબીબી ખર્ચમાં વધારો થવાનું અને શ્રમ ઉત્પાદકતામાં ઘટાડો થવાનું એક દુષ્ટ ચક્ર બનાવે છે. પાણી પુરવઠા અને સ્વચ્છતા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આનાથી ૩.૭૭ કરોડ લોકો પ્રભાવિત થાય છે અને દર વર્ષે આશરે ૭.૩ કરોડ કાર્યકારી દિવસોનું નુકસાન થાય છે.

આ રોગચાળાઓનું મૂળ કારણ ઘણીવાર પાણીના સ્ત્રોત નથી, પરંતુ સ્ત્રોતથી નળ સુધીની સફર છે. ઘણા શહેરોમાં, અહેવાલો દર્શાવે છે કે ગટરનું પાણી પીવાના પાણીની પાઈપલાઈનમાં ભળી રહ્યું છે. આ શહેરી શાસનની જાણીતી નિષ્ફળતા છે. મ્યુનિસિપલ વિભાગો ઘણીવાર એકબીજા સાથે મિલીભગતથી કામ કરે છે. માર્ગ બાંધકામ એજન્સીઓ પાણી અને ગટર વિભાગો સાથે સંકલન કર્યા વિના ખોદકામ કરે છે.

ભૂગર્ભ ઉપયોગિતાઓના સચોટ અને વહેંચાયેલા નકશાના અભાવે, ભારે મશીનરી પીવાના પાણીની પાઈપલાઈનો તોડી શકે છે અને ગટર લાઈનોને નુકસાન પહોંચાડી શકે છે. આનાથી ગટરનું ગંદુ પાણી પાણીની પાઈપલાઈનોમાં પ્રવેશી શકે છે, અને જાનહાનિ થયા પછી જ સમસ્યા સ્પષ્ટ થાય છે. શહેરી માળખાકીય સુવિધાઓના અમલીકરણ દ્વારા સંકલનનો આ અભાવ વધુ વકરે છે.

નવી પાઈપલાઈનો ઘણીવાર નાખવામાં આવે છે જ્યારે હાલની, લીક થતી અને જર્જરિત નેટવર્ક સિસ્ટમને અપૂરતી રીતે સંબોધવામાં આવે છે. ભારત શહેરીકરણને પ્રોત્સાહન આપી રહ્યું છે, પરંતુ સલામતી પ્રોટોકોલ, સતત દેખરેખ અને સંસ્થાકીય જવાબદારીની અવગણના કરવામાં આવી છે. પાણી ક્ષેત્રની સૌથી મોટી ખામી સ્વતંત્ર નિયમનનો અભાવ છે. વીજળી ક્ષેત્રમાં, સેવા વિતરણ અને નિયમનને અલગ કરવા અને ધોરણો લાગુ કરવા માટે રાજ્ય વીજળી નિયમનકારી કમિશન બનાવવામાં આવ્યા હતા. શહેરી પાણી પુરવઠામાં આવી કોઈ સમાન સિસ્ટમ નથી.

આદિવાસી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે આદિજાતિ વિકાસ વિભાગનું રૂપિયા ૩,૩૧૦ કરોડનું બજેટ

# આદિવાસી સમાજના આર્થિક ઉત્થાન માટે પ્રાકૃતિક ખેતી અને શિક્ષણ સૌથી સશક્ત માધ્યમ - રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

### રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં 'લોકભવન' ખાતે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી યોજનાઓની સમીક્ષા બેઠક યોજાઈ





રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર સ્થિત 'લોકભવન' ખાતે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલી યોજનાઓની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, સ્વરોજગાર અને કૃષિ ક્ષેત્રે થઈ રહેલા વ્યાપક સુધારાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી શ્રી પી.સી. બરંડા, આદિજાતિ વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, રાજભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, તેમજ તમામ આદિજાતિ જિલ્લાઓના પ્રાયોજના વહીવટીદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણના વધતા સ્તર અને ખાસ કરીને દીકરીઓના શિક્ષણના સમાન દર અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દેશની પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે આપણો આદિવાસી સમાજ આર્થિક રીતે સશક્ત બને. હવે સમય આવી ગયો છે કે આદિવાસી વિસ્તારોમાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અને બાગાયત અપનાવે, જેના થકી તેમની આવકમાં વધારો થાય.

રાજ્યપાલશ્રીએ આદિવાસી સમાજ દ્વારા ઉગાડવામાં આવતા 'શ્રી અન્ન' (મિલેટ્સ)ની પ્રશંસા કરી હતી. રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું કે જો પરિવારના તમામ સભ્યો સામૂહિક પુરુષાર્થ સાથે આગળ વધશે, તો પ્રગતિની ગતિ દસ ગણી વધી જશે.

રાજ્યપાલશ્રીએ અધિકારીઓને તાકીદ કરી હતી કે, શિક્ષણની ગુણવત્તામાં ક્યાંય બાંધછોડ ન થવી જોઈએ. તેમણે આદિવાસી સમુદાયોના બંધારણીય અધિકારોની સુરક્ષા અને તેમના જીવનધોરણને ઉંચુ લાવવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં આદિવાસી જનસંખ્યા ૮૯.૧૭ લાખ છે, જે રાજ્યની કુલ વસ્તીના ૧૪.૮% જેટલી છે. દેશની કુલ આદિવાસી વસ્તીના ૮.૧% લોકો ગુજરાતના ૧૪ જિલ્લાના ૫,૮૮૪ ગામોમાં વસવાટ કરે છે.

આદિજાતિ વિકાસ વિભાગના વર્ષ ૨૦૨૫-૨૬ના કુલ બજેટમાં શિક્ષણ માટે સૌથી વધુ રૂા.૩,૩૧૦.૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યમાં ૪૫૭ પ્રાથમિક, ૧૬૪ માધ્યમિક અને ૪૪ ઉચ્ચતર માધ્યમિક મળી કુલ ૬૬૫ આશ્રમશાળાઓ કાર્યરત છે, જેમાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

રાજ્યની કુલ ૭૪ આદર્શ નિવાસી શાળાઓમાં ૧૧,૭૬૦ વિદ્યાર્થીઓની ક્ષમતા છે. આ શાળાઓનું SSC બોર્ડનું પરિણામ ૯૭.૨૩% જેટલું ઊંચું રહ્યું છે. રાજ્યમાં ૧૭૧ સરકારી અને ૮૯૩ અનુદાનિત છાત્રાલયો, ૨૧ સમરસ છાત્રાલયો મળીને કુલ ૧,૦૦૦ થી વધુ છાત્રાલયોમાં ૭૪,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ, પ્રી-મેટ્રિક શિષ્યવૃત્તિ, વિદ્યા સાધના યોજના થકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

શિક્ષણની સાથે પોષણ પર ભાર મૂકતા સરકાર દ્વારા ૮,૮૬૬ પ્રાથમિક અને આશ્રમશાળાઓના ૭ લાખથી વધુ બાળકોને દૂધ સંજીવની યોજના હેઠળ દરરોજ ૨૦૦ મિલી ફોર્ટિફાઈડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

રાજ્યમાં ૦૯ વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો દ્વારા અત્યાર સુધી ૬૨,૦૦૦ થી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. વનબંધુ કલ્યાણ યોજના-૧' હેઠળ રૂપિયા ૧.૦૬ લાખ કરોડથી વધુની સહાય ચુકવવામાં આવી છે. આ ઉપરાંત સખી મંડળો દ્વારા સંચાલિત નાહરી કેન્દ્રો માટે પણ સહાય ચુકવવામાં આવે છે.

૪ અધિકારીઓ પર FIRનો ચૂંટણી પંચનો આદેશ

# બંગાળમાં SIRમાં પડદાં પાછળ ચાલી રહ્યો હતો ખેલ!

### મોયના અને બારુઈપુર પૂર્વમાં ફરજ બજાવતા આ અધિકારીઓએ નકલી મતદારોને કાયદેસરની માન્યતા આપી દીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં ગેરરીતિ આચરવાના ગંભીર આરોપ હેઠળ ચૂંટણી પંચે ૪ વરિષ્ઠ અધિકારીઓ અને એક કર્મચારી સામે FIR દાખલ કરવાનો આદેશ આપી કડક કાર્યવાહી કરી છે. તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે મોયના અને બારુઈપુર પૂર્વમાં ફરજ બજાવતા આ અધિકારીઓએ વાસ્તવિક સ્થિતિની તપાસ કરવાને બદલે ઓફિસમાં બેઠા બેઠા જ નકલી મતદારોને કાયદેસરની માન્યતા આપી દીધી હતી. પંચે આ અધિકારીઓ પર લોકશાહીની પ્રક્રિયા સાથે છેડછાડ કરવાનો અને બોગસ વોટિંગ માટે નકલી નામોને કાયદેસર જાહેર કરવાનો આરોપ મૂક્યો છે. ચૂંટણી પંચના આધુનિક સોફ્ટવેર દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં હજારો એવા નામો સામે આવ્યા હતા જેમાં ભારે વિસંગતતાઓ જોવા મળી હતી.

સોફ્ટવેર દ્વારા એવું એલર્ટ આપવામાં આવ્યું હતું કે એક જ મકાન નંબર પર ૧૦, ૧૫ કે ૨૦ જેટલા લોકો નોંધાયેલા છે, જે વ્યવહારિક દ્રષ્ટિએ લગભગ અશક્ય છે. આ ઉપરાંત, એક જ ફોટોગ્રાફ અથવા આઈડી પ્રૂફ પર અનેક અલગ-અલગ નામો નોંધાયેલા હોવાનું પણ બહાર આવ્યું હતું. નિયમ અનુસાર, આ પ્રકારની વિસંગતતાઓ જણાતા ERO અને AERO એ રૂબરૂ જઈને તપાસ કરવાની હોય છે, પરંતુ આ અધિકારીઓએ ફિલ્ડમાં જવાની તસ્દી લીધા વિના જ ઓફિસમાં બેઠા-બેઠા સિસ્ટમમાં વેરિફાઈડ બટન દબાવી દઈને નકલી મતદારો પર પોતાની સત્તાવાર મહોર મારી દીધી હતી.

તપાસમાં જાણવા મળ્યું કે મોયના વિધાનસભા વિસ્તારમાં અનેક મૃત વ્યક્તિઓના નામ હજુ પણ યાદીમાં જીવંત હતા. મૃત્યુના પ્રમાણપત્રો હોવા છતાં તેમના નામ યાદીમાંથી હટાવવાની પ્રક્રિયા જાણીજોઈને અટકાવી દેવામાં આવી હતી. આ ઉપરાંત, અનમેપ્ડ વોટર્સ(જેમનું સરનામું ચોક્કસ નથી)ને ટ્રેક કરવાને બદલે તેમને યાદીમાં યથાવત રાખવામાં આવ્યા હતા, જેનો ઉપયોગ બોગસ વોટિંગ માટે થઈ શકે છે. સમગ્ર રાજ્યમાં અંદાજે ૨૪ લાખ શંકાસ્પદ મતદારો હોવાનું સામે આવ્યું છે. ચૂંટણી પંચનું માનવું છે કે ૧૦૦ ચોરસ ફૂટના મકાનમાં ૨૫ મતદારોને માન્યતા આપવી એ કોઈ ભૂલ નથી, પરંતુ એક સુનિયોજિત ગુનાહિત કાવતરું છે.

આ અધિકારીઓએ કોઈ રાજકીય પક્ષના પ્રભાવ કે દબાણમાં આવીને આ ગેરરીતિ આચરી છે કે કેમ, તે દિશામાં હવે પોલીસ ઊંડી તપાસ હાથ ધરશે. ૧૪ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદી જાહેર થવાની છે, તે પૂર્વે લેવાયેલા આ કડક પગલાં અન્ય જિલ્લાના કલેક્ટરો અને વહીવટી અધિકારીઓ માટે સ્પષ્ટ ચેતવણી સમાન છે. આ કાર્યવાહી દ્વારા સંદેશ આપવામાં આવ્યો છે કે જો મતદાર યાદીમાં કોઈ પણ પ્રકારની છેતરપિંડી કે ગેરરીતિ સામે આવશે, તો જવાબદાર અધિકારીઓની માત્ર બદલી જ નહીં, પરંતુ તેમણે જેલના સળિયા ગણવાનો પણ વારો આવશે.

વૈભવ સૂર્યવંશીએ મેદાનમાં ઉતરતા જ રચ્યો ઈતિહાસ

## વૈભવ અંડર ૧૯ ઈન્ટરનેશનલ લેવલ પર કેપ્ટનશીપ કરનાર સૌથી ઓછી ઉંમરનો કેપ્ટન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અંડર ૧૯ અને સાઉથ આફ્રિકા અંડર ૧૯ વચ્ચે પહેલી યુથ વનડેમાં વૈભવ સૂર્યવંશી કેપ્ટન બનીને મેદાન પર ઉતર્યો હતો. જો કે, કેપ્ટન તરીકે પોતાની પહેલી જ મેચમાં નિષ્ફળ સાબિત થયો. ૧૪ વર્ષનો આ વિસ્ફોટક બે ચોગ્ગાની મદદથી ૧૨ બોલમાં ૧૧ રન બનાવીને આઉટ થઈ ગયો. આરોન જોર્જ સસ્તામાં આઉટ થયા પછી વૈભવ ટીમની ઈનિંગ આગળ લઈ જશે એવી આશા હતી, પરંતુ તે બેટિંગ કરી શક્યો નહીં.

વૈભવ ભલે વધુ રન બનાવી શક્યો નહીં, પરંતુ તેણે મેચમાં ઉતરતા જ ઈતિહાસ રચી દીધો. તે અંડર ૧૯ ઈન્ટરનેશનલ લેવલ પર કેપ્ટનશીપ કરનાર સૌથી ઓછી ઉંમરનો કેપ્ટન બની ગયો છે.

વૈભવ સૂર્યવંશીએ યુથ વનડેમાં ટીમની કેપ્ટનશીપ કરનાર સૌથી ઓછી ઉંમરનો ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો છે. આ રેકોર્ડ પહેલા પાકિસ્તાનના અહમદ શહજાદના નામે હતો. જો કે, હવે વૈભવ સૂર્યવંશીએ તેને પોતાના નામે કરી લીધો છે.

વૈભવ દુનિયાનો પહેલો ખેલાડી બની ગયો છે. જેણે ૧૬ વર્ષની ઉંમર પહેલા કોઈ ફોર્મેટમાં ઈન્ટરનેશનલ U19 મેચમાં પોતાની ટીમની કેપ્ટનશીપ સંભાળી છે. હવે સૂર્યવંશી એવા પસંદગીના ખેલાડીઓની લિસ્ટમાં સામેલ થઈ ગયો છે, જેણે ઓછી ઉંમરે ટીમનું સુકાન સંભાળ્યું હોય. આ લિસ્ટમાં મેહદી હસન મિરાજ, ફરહાન જાખિલ, એમ્બિશિસ મુદુમા અને સાદ બેગ જેવા ખેલાડી સામેલ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ભારત-બાંગ્લાદેશ વચ્ચે પાકિસ્તાન જેવી હાલત થઈ

## BCCIએ ટીમ ઈંડિયાનો બાંગ્લાદેશ પ્રવાસ સ્થગિત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ક્રિકેટ સંબંધ અત્યાર સુધીના સૌથી નીચા સ્તર પર જતાં દેખાઈ રહ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે શનિવારે ૨૦૨૬માં બાંગ્લાદેશના નિશ્ચિત પ્રવાસ પર રોક લગાવી દીધી છે. આ પ્રવાસની ઘોષણા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે હાલમાં જ કરી છે.ધ ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર, બીસીસીઆઈ હવે આ પ્રવાસ માટે ભારત સરકારની મંજૂરી લેશે. તેનાથી બંને દેશો વચ્ચેના સંબંધ ભારત-પાકિસ્તાન જેવા થવાની સંભાવના વધી ગઈ છે. જ્યાં બંને ટીમો ખાલી ગ્લોબલ ઈવેન્ટ્સમાં ન્યૂટ્રલ જગ્યા પર એકબીજા વિરુદ્ધ રમશે.

ભારત-બાંગ્લાદેશ વચ્ચે આ સિરીઝ ૨૦૨૫માં થવાની હતી, પણ બંને દેશો વચ્ચે ખરાબ સંબંધોના કારણે તેને ટાળી દેવામાં આવી. ડિસેમ્બરમાં ભારત અને બાંગ્લાદેશની મહિલા ક્રિકેટ ટીમો વચ્ચે એક સિરીઝ પણ ટળી ગઈ. એક્સપ્રેસ અનુસાર, બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે, અમે ગત વર્ષે પણ બાંગ્લાદેશ નથી ગયા. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે પોતાનું ઈન્ટરનેશનલ ક્રિકેટ કેલેન્ડર જાહેર કર્યું પણ તે મુશ્કેલ લાગી રહ્યું છે, કેમ કે કોઈ પણ બીજા દેશમાં રમવા માટે અમારે ભારત સરકારની મંજૂરી જોઈએ. જ્યાં સુધી ટી૨૦ વર્લ્ડ કપની વાત છે. બાંગ્લાદેશ ભારતમાં નિશ્ચિત કરેલા શિડ્યૂલ હિસાબથી મેચ રમશે. ભારત અને બાંગ્લાદેશ દાયકાઓથી પાડોશી દેશ હતા. ગત વર્ષે શેખ હસીના સરકારને હિંસક રીતે હટાવ્યા બાદ સંબંધોમાં ખટાશ આવી ગઈ. મુહમ્મદ યૂનુસના નેતૃત્વવાળી નવી વચગાળાની સરકારનું ડિપ્લોમેટિક વલણ ખૂબ જ અલગ છે અને તે ઘરેલૂ અસ્થિરતા અને ભારત વિરોધી ભાવનાથી પીડિત છે. તેની અસર રમત પર પણ પડી રહી છે. અમુક ભારતીય ધાર્મિક જૂથોએ કોલકાતા નાઈટ રાઈડર્સને ધમકી આપી હતી કે તે બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને પોતાની ટીમમાંથી કાઢે. જ્યારે તેમણે આઈપીએલ ૨૦૨૬ની હરાજીમાં તેને ૯.૨ કરોડ રુપિયામાં સાઈન કર્યો હતો. ભારે હોબાળા બાદ કેકેઆરે રહેમાનને આઈપીએલની આગામી સિઝનમાંથી બહાર કરી દીધો છે.

લોકોએ તર્ક આપ્યો કે બાંગ્લાદેશમાં હિન્દુ અલ્પસંખ્યકો પર હુમલાની વચ્ચે મુસ્તફિઝુરને આઈપીએલમાં લેવો ખોટી વાત છે. આ દરમ્યાન તેમના ટીકાકારોએ કહ્યું કે ન તો મુસ્તફિઝુર કે અન્ય કોઈ બાંગ્લાદેશી ખેલાડીઓને હિંસા સાથે કોઈ લેવા દેવા હતું અને ક્રિકેટનો ઉપયોગ રાજકીય મેસેજ આપવા તરીકે ન કરવો જોઈએ, ખાલી રમત અને એક પાડોશી દેશ સાથે સોફ્ટ પાવરને નુકસાન કરે છે. જો કે શનિવારે પહેલા બીસીસીઆઈએ કહ્યું કે તેમણે કેકેઆરને મુસ્તફિઝુરને રિલીઝ કરવાનો નિર્દેશ આપ્યો હતો, અને ફ્રેન્ચાઈઝીએ પણ એવું જ કર્યું.

ગ્રામીણ સ્તર સુધી હોલિસ્ટીક હેલ્થકેરનો વડાપ્રધાનશ્રીનો અભિગમ ગુજરાતમાં ૭૭૩૩ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર દ્વારા સાકાર થઈ રહ્યો છે

# કેન્દ્ર પુરસ્કૃત આરોગ્યલક્ષી ૧૦ મુખ્ય યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### ૨૦૨૬ના અંત સુધીમાં રાજ્યમાં પાંચ મેડિકલ કોલેજો અને હોસ્પિટલોના નિર્માણ કામો પૂર્ણ થતાં રાજ્યના નાગરિકોને વધુ સંગીન આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અંતરિયાળ અને છેવાડાના ગ્રામ્ય વિસ્તારો તથા તાલુકાઓ સુધીની આરોગ્ય સુખાકારીની યોજનાઓની પ્રવર્તમાન સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી. રાજ્યમાં રાજપીપળા, મોરબી, નવસારી, ગોધરા અને પોરબંદર એમ પાંચ મેડિકલ કોલેજ, હોસ્પિટલ્સ અને હોસ્ટેલ્સના નિર્માણ કાર્યો આ ૨૦૨૬ના વર્ષના ડિસેમ્બર માસ સુધીમાં પૂર્ણ થઈ જશે. આના પરિણામે અંતરિયાળ આદિવાસી વિસ્તારોના ગામો તથા સૌરાષ્ટ્રના દૂરદરાજના ગામોના લોકોને નજીકના સ્થળે જ વધુ સંગીન આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે તેમ મુખ્યમંત્રીશ્રીની સમક્ષ આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હેલ્થ કેર ફોર ઓલ નો જન આરોગ્યલક્ષી અભિગમ અપનાવીને જે મહત્વની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ શરૂ કરાવી છે તેની પ્રગતિની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને મુખ્યમંત્રીશ્રીએ જરૂરી દિશાનિર્દેશો આ બેઠકમાં આપ્યા હતા.

ખાસ કરીને ગ્રામીણ સ્તર સુધી આયુર્વેદિક અને હોમિયોપેથિક સારવાર પદ્ધતિ સહિત જન આરોગ્ય સુખાકારી માટે હોલિસ્ટીક હેલ્થકેરનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો અભિગમ ગુજરાતમાં ૭૭૩૩ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના વ્યાપક નેટવર્કથી સાકાર થઈ રહ્યો છે. તેની પણ વિગતો આ બેઠકમાં આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ મિશન અન્વયે રાજ્યમાં ૪૧૦ અર્બન હેલ્થ સેન્ટર્સ, ૩૩ જિલ્લાઓમાં આધુનિક લેબ્સ અને ૩૨ જિલ્લામાં ક્રિટિકલ કેર બ્લોકસના નિર્માણની પ્રગતિની વિગતો મેળવીને આ કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા પણ દિશા નિર્દેશો આપ્યા હતા. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં ૩૦૨ સબ સેન્ટર્સ અને ૨૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનો પૂર્ણ થઈ ગયા છે તેની પણ જાણકારી આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીએ આ બેઠકમાં આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-માનું રાજ્યમાં પારદર્શી, ઝડપી અને એ.આઈ. બેઝ્ડ ટેક્નોલોજીથી વધુ ચોકસાઈ પૂર્ણ અને વ્યવસ્થિત અમલીકરણ થાય તે માટેના સૂચનો કર્યા હતા.

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનામાં રાજ્યની ૩.૪૪ લાખથી વધુ માતાઓને પોષણ સહાય, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના "માં" અન્વયે ૨.૬૯ કરોડ સભ્યોનું રજીસ્ટ્રેશન અને ૧૦ લાખ સુધીની કેશલેસ સારવારની ઉપલબ્ધી અંગે પણ બેઠકમાં છણાવટ કરવામાં આવી હતી. વડાપ્રધાનશ્રીની દરેક કલ્યાણ યોજનાઓના અમલમાં ગુજરાત અગ્રેસર છે તે જ પરિપાટીએ કેન્દ્ર પુરસ્કૃત આરોગ્યલક્ષી ૧૦ યોજનાઓના શ્રેષ્ઠ અમલીકરણમાં પણ ગુજરાતને અગ્રેસર રાખીને મુખ્યમંત્રીશ્રીએ સ્વસ્થ ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા અનુરોધ કર્યો હતો. આ સમીક્ષા બેઠકમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવકુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, ગ્રામીણ અને શહેરી ક્ષેત્રના આરોગ્ય કમિશનરશ્રીઓ શ્રી હર્ષદ પટેલ અને ડોક્ટર રતન કવર ગઢવીચારણ તથા અધિક આરોગ્ય નિયામકશ્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# 'નમો શ્રી યોજના' અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ૭ લાખથી વધુ લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૩૭ કરોડ ચૂકવાયા

રાજ્યમાં માતા અને બાળમૃત્યુ દરમાં ઘટાડો કરવાના હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'નમો શ્રી યોજના' વર્ષ-૨૦૨૪થી અત્યાર સુધી ૭ લાખથી વધુ લાભાર્થીઓને ગુજરાત સરકાર દ્વારા રૂ.૪૩૭.૩૨ કરોડ ચૂકવવામાં આવ્યા છે.

રાજ્યની સગર્ભા મહિલાઓ 'નમો શ્રી યોજના'નો બે પ્રસુતિ સુધી લાભ લઇ શકે છે. જે અંતર્ગત લાભાર્થીએ સગર્ભાવસ્થાની નોંધણી ફીમેલ હેલ્થ વર્કર પાસે કરાવવાની રહે છે. આ નોંધણીની મેડીકલ ઓફિસર ત્યારબાદ તાલુકા હેલ્થ ઓફિસર-અર્બન તાલુકા હેલ્થ ઓફિસર ખરાઈ કરે છે. જે અંતર્ગત પ્રથમ પ્રસુતિ દરમિયાન પ્રથમ હપ્તા સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા રૂ.૨,૦૦૦ અને કેન્દ્ર સરકાર રૂ.૩,૦૦૦ની સહાય કરવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા રૂ.૨,૦૦૦નો બીજો હપ્તો સગર્ભાવસ્થાના ૬ માસ પૂર્ણ થયા બાદ, ત્રીજો હપ્તો સંસ્થાકીય પ્રસુતિમાં રૂ.૩,૦૦૦ જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૨,૦૦૦નો ચોથો હપ્તો રસીકરણ સમયે ૧૪માં અઠવાડિયે એમ કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને કુલ રૂ.૧૨,૦૦૦ની સહાય લાભાર્થીઓને ચૂકવવામાં આવે છે.

બીજી પ્રસુતિ સમયે લાભાર્થી સગર્ભાવસ્થાની નોંધણી કરાવે ત્યારે રાજ્ય સરકાર દ્વારા પ્રથમ હપ્તા પેટે રૂ.૨,૦૦૦, બીજા હપ્તા પેટે સગર્ભાવસ્થાના ૬ માસ પૂર્ણ થયા બાદ રૂ.૩,૦૦૦, કેન્દ્ર સરકાર દ્વારા ત્રીજો હપ્તા સ્વરૂપે સંસ્થાકીય પ્રસુતિમાં દીકરીના જન્મ સમયે રૂ.૬,૦૦૦ તેમજ દીકરાના જન્મ સમયે રૂ.૬,૦૦૦ રાજ્ય સરકાર તથા ચોથા હપ્તા રૂપે ૯ મહિના બાદ સંપૂર્ણ રસીકરણ સમયે રૂ.૧,૦૦૦નો હપ્તો રાજ્ય સરકાર દ્વારા આમ કુલ રૂ.૧૨,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે,

રાજ્યમાં ૧૧ કેટેગરીની બહેનોને 'નમો શ્રી યોજના' અંતર્ગત લાભ આપવામાં આવે છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ, જે મહિલાઓ આંશિક રીતે ૪૦ ટકા અથવા સંપૂર્ણ દિવ્યાંગ હોય, BPL રેશન કાર્ડ ધારક મહિલા, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) - આયુષ્માન ભારત હેઠળ કાર્ડ ધારક મહિલા લાભાર્થીઓ, ઈ-શ્રમ કાર્ડ ધરાવતી મહિલાઓ, મહિલા ખેડૂતો જે કિસાન સન્માન નિધિ હેઠળ લાભાર્થી હોય, મનરેગા જોબ કાર્ડ ધરાવતી મહિલાઓ, જે મહિલાઓની કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૮ લાખ કરતાંઓછી હોય, સગર્ભા અને સ્તનપાન કરાવતી AWWs/ AWHs/ ASHAs, રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ રેશન કાર્ડ ધરાવતી સગર્ભા, કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત કોઈપણ અન્ય શ્રેણીની મહિલાઓ આ યોજનાનો લાભ લઇ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'નમો શ્રી યોજના' અંતર્ગત રાજ્યમાં આરોગ્ય અને પોષણમાં સુધારો લાવવાના હેતુસર સગર્ભા માતા તેમજ ધાત્રી માતાને કુલ રૂા. ૧૨,૦૦૦/-ની સહાય ચાર તબક્કાવાર DBT મારફતે આપવામાં આવે છે. જેના માટે વાર્ષિક કુલ રૂ. ૪૮૮.૪૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

પ્રિન્સ ચાવલા

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કડક કાર્યવાહી:

# અમદાવાદ ખાતે વગર પરવાને ચાલતા દવાના ધંધાનો પર્દાફાશ: આશરે રૂ. ૪૦ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ જગ્યાએ આકસ્મિક દરોડા પાડીને ગેરકાયદેસર - બનાવટી દવાના વેચાણ સાથે સંકળાયેલ વ્યક્તિઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે અમદાવાદ ખાતે વગર પરવાને દવાના વેચાણ અર્થે સંગ્રહ કરવામાં આવેલ આશરે રૂ. ૪૦ લાખથી વધુની કિંમતની દવાઓ જપ્ત કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. રતનકંવર ગઢવી ચારણે જણાવ્યું હતું કે, રાજ્યના અલગ અલગ સ્થળોએ દવાના નમૂનાઓનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં અને કાયદાનું ઉલ્લંઘન કરનાર ઈસમો સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. જે



અંતર્ગત તાજેતરમાં નાયબ કમિશનર (આઇ.બી) શ્રી વાય. જી. દરજીની આગેવાની હેઠળ ઔષધ નિરીક્ષક ડૉ. પૂર્વા પટેલ સહિતના અધિકારીઓએ અમદાવાદ ખાતે આવેલા મનહર નગર શોપિંગ સેન્ટરના ઈ-૨૪ના પ્રથમ માળે આવેલ દુકાનમાં તપાસ કરતા ધર્મેશભાઈ જયંતીલાલ સથવારા દ્વારા વગર પરવાને દવાનો વેચાણ અર્થે સંગ્રહ કરાયેલો જથ્થો મળી આવ્યો હતો. વધુમાં ધર્મેશભાઈની સઘન તપાસ કરતા તેઓ મેડિકેસસેલિસ હેલ્થ કેરના નામે હિલટાઉન લેન્ડમાર્ક, નિકોલ ખાતે દવાના પરવાના ધરાવતા હતા, પરંતુ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરીને જગ્યા ફેરફારની જાણ કર્યા વિના અને કોઈ માન્ય પરવાના વગર આ જગ્યા ઉપર પોતાનો એલોપેથીક દવાનો સંપૂર્ણ જથ્થો સંગ્રહ કર્યો હતો. જેથી સ્થળ પર હાજર અધિકારીઓ દ્વારા દવાના જથ્થામાંથી કુલ ૬ દવાના નમૂના લઈ પૃથક્કરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપી બાકીના આશરે રૂ. ૪૦ લાખની કિંમતનો દવાઓનો જથ્થો જપ્ત કર્યો છે. આ દવાઓના પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તેમ કમિશનરશ્રીએ ઉમેર્યું હતું. - જીગર બારોટ

# સુરતમાં ફરજ બજાવી ચુકેલા પીઆઈ ને કોર્ટના હુકમનો અનાદર કરવો ભારે પડયો: પીઆઈ એચ બી ઝાલાને કસ્ટડીમાં લેવા કોર્ટનો હુકમ

પ્રતિનિધિ,ગાંધીનગર

જાન્યુઆરી ૨૦૨૩ માં થયેલી એક હત્યાના કેસમાં તપાસ કરનાર પીઆઈ એચ બી ઝાલાને જુબાની માટે સમન્સ અને ત્યારબાદ વોરન્ટ મોકલવા છતાં તેઓ ગેરહાજર રહેતા કોર્ટ નારાજ થઈ હતી.

આજે મુદતમાં હાજર થયેલા પીઆઈ ઝાલાને કસ્ટડીમાં લેવાનો હુકમ કરતા કોર્ટમાં હાજર સૌ કોઈ આશ્ચર્યમાં મુકાયા હતા. પી આઈ ઝાલાએ આખરે માફી માંગતા વોરન્ટ રદ કરીને પીઆઈ ની જુબાની લેવામાં આવી હતી. મળેલી વિગત મુજબ લીંબાયતમાં વર્ષ ૨૦૨૩ માં લીંબાયતમાં રહેતો ચેતન ગુપ્તા તેમજ શબ્બીર ઉર્ફે પપ્પુ ખાન વચ્ચે જમવા બાબતે માથાકુટ થઈ હતી. ચેતને પપ્પુને માથાના ભાગે હથોડી મારી દેતા તેને ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે સ્મીમેર હોસ્પીટલમાં ખસેડાયેલા શબ્બીરનુ સારવાર દરમિયાન




મોત નિપજયુ હતું. બનાવ અંગે લિંબાયત પોલીસે ચેતન ગુપ્તાની સામે હત્યાનો ગુન્હો નોંધી તેની ધરપકડ કરી હતી. પીઆઈ એચ બી ઝાલા આ કેસની તપાસ કરી રહ્યા હતા. ત્યારબાદ તેઓની બદલી થઈ હતી અને હાલમાં તેઓ ભરૂચના દહેજમાં ફરજ બજાવી રહ્યા છે. કોર્ટમાં તપાસ કરનાર પીઆઈ એચ બી ઝાલાની જુબાની જ બાકી હતી, આ બાબતે ઝાલાને વારંવાર ફોન કરવામાં આવ્યો હતો અને સમન્સ પણ મોકલાયો હતો.

પરંતુ તેઓ કોર્ટ સમક્ષ જુબાની માટે હાજર રહ્યા ન હતા આ દરમિયાન બચાવપક્ષ તરફે વકીલ રાહુલ યાદવે દલીલો કરી હતી અને પી આઈ સામે વોરન્ટ ઈસ્યુ કરવાની માંગ કરતા સેશન્સ જજ એચ એમ વ્યાસે પી આઈ ઝાલાની સામે બિનજામીનપાત્ર વોરન્ટ ઈસ્યુ કર્યુ હતું, લિંબાયત પોલીસના કોર્ટ ડયુટીના સ્ટાફે આ વોરન્ટ અંગે પીઆઈ ઝાલાને ટેલીફોનીક જાણ કર્યાના શેરા સાથે વોરન્ટ કોર્ટમાં જમા કરાવ્યુ હતું. આજે શનિવારે આ કેસની મુદતમાં પીઆઈ ઝાલા કોર્ટમાં હાજર રહ્યા હતા. કોર્ટની સુનાવણી દરમિયાન બપોરે ૧ વાગ્યાના અરસામાં કોર્ટે બચાવપક્ષે ટાંકીને પોલીસ સામે કોઈ ફરીયાદ છે કે નહી ? તેવો સવાલ કર્યો હતો. પી આઈ ઝાલા સામે બિનજામીનપાત્ર વોરન્ટ ઈસ્યુ થયા બાદ તેની બજવણી અંગે સુરતના સ્થાનિક લીંબાયત પોલીસનો સ્ટાફ કાચો પડયો હતો. સામે પીઆઈ હોવાથી સમન્સ / નોટીસની બજવણી કરનારો સ્ટાફ જાણે કે ગભરાયો હોય તેવી રીતે માત્ર પીઆઈ ઝાલાને ટેલીફોનીક જાણ કરી હતી અને તેઓને કોર્ટમાં હાજર રહેવા માટે જણાવ્યુ હતું. આ જ શેરા સાથે વોરન્ટ કોર્ટમાં જમા કરી દેવાયુ હતું. આજે શનિવારે કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન વોરન્ટમાં શેરા સાથે જમા કરનાર કોર્ટ ડયુટીને તેમજ લીંબાયતના પીઆઈને પણ તાત્કાલીક કોર્ટમાં હાજર રહેવા જણાવાયુ હતું.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એસટી નિગમના ડ્રાઈવર-હેલ્પર ઉમેદવારોને આપ્યા નિમણુંક પત્રો: ૪૦ દિવસમાં ૪૫ હજાર થી વધુ ઉમેદવારોને નિમણુંક પત્રો અપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના ૩૦૮૪ ડ્રાઈવર અને ૧૬૫૮ હેલ્પર કક્ષાના ઉમેદવારોને ગાંધીનગરમાં નિમણુંક પત્ર એનાયત કર્યા હતા. નિમણુંક પત્ર એનાયત સમારોહના અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોના ડ્રાઈવર્સ છેવાડાના માનવી સુધી પહોચે છે. એટલે આ બસ ચાલકો સલામત સવારીની સાથે સમય પાલનની મોટી જવાબદારીનુ વહન કરીને રાજય સરકારની ઈમેજ ઘડનારા મહત્વપૂર્ણ અંગ છે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે વડાપ્રધાને નાનામાં નાના માનવી સુધી રોડ રસ્તા, વિજળી, પાણી, આરોગ્ય સેવા, બસ સેવા જેવી પાયાની સુવિધાઓ પહોચે તેવો




વિકાસ સુનિશ્ચિત કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવી નિમણુંક પામેલા ઉમેદવારોને રાજયની પરીવહન વ્યવસ્થાના પ્રહરી ગણાવ્યા હતા. આ અંગે તેમણે કહયુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજયની વાહન વ્યવહાર વ્યવસ્થાનો કાયાપલટ કર્યો અને જુની પુરાણી જુની બસોમાંથી એસી વોલ્વો જેવી બસો આજે નાગરીકોની સેવામાં કાર્યરત કરી છે. રાજય સરકારે વાહન વ્યવહારમાં જે આધુનિક સુવિધાઓ ઉભી કરી છે તેને સારી રીતે સાચવવાની મહત્વની જવાબદારી બસ ડ્રાઈવર અને હેલ્પરના શીરે છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે નાગરીકો એસટી ડ્રાઈવરોના ભરોસે નિશ્ચિત થઈને મુસાફરી કરે છે. નાગરીકોને સમયસર ગંતવ્ય સ્થાન સુધી પહોચાડીને સરકારી સેવાની સાથે સામાજિક દાયિત્વ નિભાવવાનુ પણ કાર્ય આ બસ ચાલકો કરે છે. એટલે કે સામાન્ય માનવીના જીવન સાથે સંકળાયેલા બસ ચાલકો તન મન થી સ્વસ્થ રહે તે જરૂરી છે. તેવો અનુરોધ મુખ્યમંત્રીએ કર્યો હતો.

વધુમાં તેમણે કહ્યુ કે ગમે તે પરીસ્થિતિમાં સ્વસ્થ રહીને માનસિક સંતુલન જાળવીને ફરજ બજાવવી જરૂરી છે, આ માટે પોઝીટીવીટીથી કાર્યરત રહીને તેમજ જીવનમાં કોઈપણ પરીસ્થિતિમાં બેલેન્સ રાખવાની સજજતા કેળવવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે આજે જીપીએસ સહિતની સુવિધાઓથી સજજ બસોનો ટ્રેકીંગ નાગરીકો મોબાઈલના માધ્યમથી કરી શકે છે. આથી જેમના માટે આ બસો ચાલી રહી છે તે નાગરીકોની સમયબધ્ધતા જળવાય તેની કાળજી પણ બસ ચાલકોએ રાખવાની છે તેવુ પણ તેમણે કહ્યુ હતું.

માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યમાં ૧૦૦% લેગસી વેસ્ટ નિકાલનું લક્ષ્ય, શહેરોમાં વર્ષો જૂના કચરાના નિકાલમાં ગુજરાત મોટા રાજ્યોમાં અગ્રેસર

# 'લેગસી વેસ્ટ મુક્ત ગુજરાત'ની દિશામાં આગેકૂચ, અત્યાર સુધીમાં કુલ ૨૭૩.૩૩ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટનો નિકાલ કરવામાં આવ્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં શહેરીકરણને એક નવી દિશા આપી હતી. તેમણે ગુજરાતમાં આયોજનબદ્ધ શહેરી વિકાસ, મજબૂત નગરપાલિકા વ્યવસ્થા અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂત પાયા નાખ્યા હતા. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર 'શહેરીકરણ સમસ્યા નહીં, પરંતુ અવસર'ના મંત્ર સાથે શહેરોને ગ્રીન, ક્લીન અને રહેવા યોગ્ય બનાવવા સતત કાર્ય કરી રહી છે.

શહેરીકરણની વાત થાય ત્યારે સ્વચ્છતા, આધુનિક અને ટકાઉ માળખાગત સુવિધા ઉપરાંત લેગસી વેસ્ટ એટલે કે વર્ષો જૂના કચરાનો નિકાલ પણ એટલો જ મહત્વપૂર્ણ છે. લેગસી વેસ્ટ નિકાલની વ્યાપક ઝુંબેશના પરિણામે ગુજરાત વર્ષો જૂના કચરાના નિકાલની કામગીરીમાં મોટા રાજ્યોમાં અગ્રેસર બન્યું છે.

## નિર્મળ ગુજરાત ૨.૦ યોજના અંતર્ગત શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs) માટે લેગસી વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલ માટે રૂા.૭૫ કરોડની ફાળવણી




માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યના શહેરોમાં ૧૦૦% લેગસી વેસ્ટ નિકાલનું લક્ષ્ય

ગુજરાતના શહેરી વિસ્તારોમાં કુલ ૩૦૪.૦૯ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી અત્યાર સુધીમાં ૨૭૩.૩૩ લાખ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે માર્ચ ૨૦૨૬ સુધીમાં રાજ્યના શહેરોમાં ૧૦૦% લેગસી વેસ્ટ રિમેડિએશનનું લક્ષ્ય નક્કી કર્યું છે.

લેગસી વેસ્ટ મૅનેજમેન્ટ: શહેરી વિકાસનું મહત્વનું માપદંડ

ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા શહેરોમાં સ્વચ્છતા, આધુનિક અને ટકાઉ માળખાગત સુવિધા અને નાગરિકોની ઈઝ ઑફ લિવિંગ વધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેના પરિણામે શહેરી વિકાસમાં રાજ્યએ હરણફાળ ભરી છે. નોંધનીય બાબત એ છે કે, ગુજરાત વર્ષોથી ડમ્પસાઈટમાં એકઠા થયેલા કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલમાં પણ મોટા રાજ્યોમાં અગ્રેસર છે. લેગસી વેસ્ટ મૅનેજમેન્ટ શહેરી વિકાસ માટે અત્યંત જરૂરી માપદંડ છે. વર્ષોથી ડમ્પસાઈટમાં એકઠા થયેલા કચરાના નિકાલથી પ્રદૂષણ અને આરોગ્ય જોખમમાં ઘટાડો થાય છે. સાથે જ, પુનઃપ્રાપ્ત થયેલી જમીન વિકાસ કાર્યોને પ્રોત્સાહન આપવામાં અને ગ્રીન સ્પેસ વધારવા માટે ઉપયોગી બને છે.

લેગસી વેસ્ટના નિકાલથી ૯૦૨ એકર જેટલો વિસ્તાર ખુલ્લો થયો, મિથેન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થયો

રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં ડમ્પસાઈટ સાફ થતાં મોટી માત્રામાં જમીન ખુલ્લી થઈ છે. રાજ્ય સરકારે લેગસી વેસ્ટના નિકાલ માટે જે પ્રયાસો હાથ ધર્યા છે તેના પરિણામે અંદાજિત કુલ ૯૦૨ એકર જેટલો વિસ્તાર પુનઃપ્રાપ્ત થયો છે. આ જમીનનો ઉપયોગ પ્રોસેસિંગ પ્લાન્ટ બનાવવાની કામગીરી માટે કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, અમદાવાદની બોપલ-ઘુમા ડમ્પ સાઈટ તેમજ રાજકોટની નાકરાવાડી ડમ્પ સાઈટનો નિકાલ કરી મિયાવાકી ફોરેસ્ટ બનાવવામાં આવ્યું છે. ડમ્પસાઈટ્સના વૈજ્ઞાનિક નિકાલથી મિથેન ગેસના ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે તેમજ ડમ્પસાઈટ પર કચરો સળગવાની ઘટનાઓ સંબંધિત સમસ્યાઓનું અસરકારક રીતે નિરાકરણ થયું છે.

લેગસી વેસ્ટ નિકાલ દ્વારા સ્વચ્છતા અને શહેરી વિકાસને નવી દિશા

ગુજરાત સરકાર શહેરોમાં વર્ષોથી પડેલા કચરાના વૈજ્ઞાનિક નિકાલ દ્વારા પર્યાવરણ સુરક્ષા, જાહેર આરોગ્ય અને શહેરી વિકાસને મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. નિર્મળ ગુજરાત ૨.૦ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs) માટે લેગસી વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલ માટે રૂા.૭૫ કરોડનું ખાસ ફંડ ફાળવવામાં આવ્યું છે. આ યોજના સ્વચ્છ ભારત મિશન (શહેરી) ૨.૦ સાથે સુસંગત છે અને "કચરા મુક્ત શહેરો"ના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં કાર્યરત છે. લેગસી વેસ્ટ મૅનેજમેન્ટ દ્વારા શહેરોને વધુ સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ બનાવવાની દિશામાં ગુજરાત અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બની રહ્યું છે.

# લોકભવન ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે રાજ્યના ઈન્ચાર્જ ડીજીપી શ્રી ડૉ. કે. એલ. એન. રાવની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર સ્થિત ગુજરાત લોકભવન ખાતે રાજ્યના ઈન્ચાર્જ ડીજીપી શ્રી ડૉ. કે. એલ. એન રાવે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી. રાજ્યપાલશ્રીએ ડૉ. કે, એલ. એન. રાવનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કરી ઈન્ચાર્જ ડીજીપીની જવાબદારી મળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ડૉ. રાવે પોલીસ વિભાગમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે કરવામાં આવી રહેલી પ્રગતિ અંગે વિગતો પુરી પાડી હતી. તેમણે જણાવ્યું કે, વર્તમાન સમયમાં સાયબર ક્રાઈમની ઘટનાઓમાં ભોગ બનનારને ઝડપથી ન્યાય મળી રહે તે દિશામાં પોલીસ વિભાગ ખૂબ જ ગંભીરતાથી કામ કરી રહ્યું છે. તેમજ લોકો સાયબર ક્રાઈમ સામે સતર્ક બને તે માટે લોકજાગૃતિ હેઠળ વિવિધ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પોલીસ જ્યારે ગામડામાં લોકોની વચ્ચે જઈ સીધો સંવાદ કરે છે ત્યારે લોકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ અને



આત્મીયતા ઉભી થાય છે. તેમણે પોલીસ દ્વારા વધુને વધુ લોકોની સેવા થાય તેવા પ્રયાસોને સતત પ્રોત્સાહન આપવા સૂચન પણ કર્યુ હતુ.

# અજિત પવારની NCPનો શરદ પવારની પાર્ટીમાં વિલય થવો જોઈએ: સંજય રાઉતના નિવેદનથી રાજકારણ ગરમાયું

પુણે અને પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ ચૂંટણી માટે એક સાથે આવ્યા છે, તો અલગ રાજકીય માર્ગોનો કોઈ અર્થ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં રાજકીય નિવેદનબાજી ફરી એકવાર શરૂ થઈ છે. શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે અજિત પવારની આગેવાની હેઠળની NCPને શરદ પવારના નેતૃત્ત્વ વાળી NCP(SP)માં ભેળવી દેવાની સલાહ આપી છે. રાઉતનું કહેવું છે કે, જ્યારે બંને જૂથો પુણે અને પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ ચૂંટણી માટે એકસાથે આવ્યા છે, તો અલગ રાજકીય માર્ગો અપનાવવાનો કોઈ અર્થ નથી.

રાઉતે સવાલ ઉઠાવ્યા કે, જો અજિત પવાર ભાજપ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહ્યા છે તો પછી તેઓ મહાયુતિ સરકારમાં કેમ છે? તેમણે કહ્યું કે, અજિત પવારને ભાજપના નેતૃત્ત્વ વાળી સરકાર છોડીને શરદ પવાર પાસે પરત ફરવું જોઈએ. રાઉત પ્રમાણે, હાલની સ્થિતિ પરથી સંકેત મળી રહ્યા છે કે, અજિત પવારની રાજકીય દિશા બદલાઈ રહી છે.

સંજય રાઉતે કહ્યું કે, અજિત પવાર અને ભાજપ એકબીજા પર ભ્રષ્ટાચારના આરોપ લગાવી રહ્યા છે. તેવામાં બંનેનું એક સરકારમાં રહેવું એ જનતાને ભ્રમિત કરવા જેવું છે. જ્યારે આરોપ આટલાં ગંભીર છે તો સત્તામાં સાથે રહેવું એ વિશ્વાસમાં આવતું નથી.

રાઉતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પુણે અને પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં NCP અને NCP (શરદચંદ્ર પવાર) વચ્ચેનું જોડાણ એક રાજકીય સંકેત છે. તેમણે કહ્યું કે, આ જોડાણ દર્શાવે છે કે બંને જૂથો સાથે આવી શકે છે, તો શા માટે કાયમી ઉકેલ ન શોધવો. અજિત પવારે તાજેતરમાં જ પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભ્રષ્ટચારનો આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, છેલ્લા ૯ વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને દેવામાં ધકેલી દીધું છે. આ નિવેદન પર પણ રાઉતે સવાલો ઉઠાવ્યા હતા કે, જ્યારે ભાજપ આ કોર્પોરેશન ચલાવી રહ્યું હતું ત્યારે તેની હાલત કેવી હતી?

નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર અને હપ્તા વસૂલીને લઈને ભાજપ પર ગંભીર આરોપો લગાવ્યા. અજિત પવારના આ નિવેદનથી રાજકીય ગરમાવો આવી ગયો અને ભાજપ તરફથી પણ તીખો વળતો પ્રહાર કરવામાં આવ્યો. ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવિન્દ્ર ચવ્હાણે અજિત પવારના આરોપોને ફગાવી દેતા કહ્યું, જો અમે બોલવા લાગીશું, તો અજિત દાદા મુશ્કેલીમાં મુકાઈ જશે. અજિત પવારે પહેલા પોતાના કર્મો જોવા જોઈએ. મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોને ટિકિટ આપવાથી પણ વિવાદ થયો હતો. અજિત પવારે આ વાતને યોગ્ય ઠેરવીને કહ્યું કે, જ્યાં સુધી કોઈ દોષિત સાબિત ન થાય ત્યાં સુધી તે ગુનેગાર નથી. તેમણે પોતાની સામે સિંચાઈ કૌભાંડના આરોપોનો પણ ઉલ્લેખ કર્યો.

# કારમાં સગીરાનું અપહરણ કરીને છેડતી કરનાર આરોપીને ત્રણ વર્ષની સખત કેદ: કલોલમાં પરિચિત વ્યક્તિએ જ કારસ્તાન કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

કલોલમાં બે વર્ષ અગાઉ પરિચિત વ્યક્તિ દ્વારા સગીરાને કારમાં બેસાડીને તેનું અપહરણ કરી છેડતી કરવામાં આવી હતી. જે સંદર્ભે પોકસો એક્ટની કલમ મુજબ ગુનો દાખલ થયા બાદ કલોલની પાંચમી એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજા કરવામાં આવી હતી.આ ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે ગત ૧૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ કલોલ વિસ્તારમાં રહેતી સગીરા માય લાઈફ હોસ્પીટલ પાસેથી પસાર થઈ રહી હતી. ત્યારે તેનો પારિવારીક પરિચિત યુવાન વિજય હિરાજી રાઠોડ કાર લઈને ત્યાં આવ્યો હતો અને તેણીને ઘરે મુકી જવાની વાત કરી હતી. જોકે સગીરાને ઘરે મૂકવાને બદલે કલોલની કે.આઈ.આર.સી કોલેજ પાછળના સૂમસામ રોડ પર લઈ ગયો હતો. ત્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધવાના ઈરાદે તેને ગાડીમાં ગોંધી રાખી હતી. સગીરાના હાથ, હોઠ અને ગળા પર અડપલાં કરી તેમજ તેની છાતી પર હાથ ફેરવી જાતીય સતામણી કરી હતી. જ્યારે સગીરાએ આ કૃત્યનો પ્રતિકાર કર્યો, ત્યારે ઉશ્કેરાઈને તેને ગાળો આપી, મોં પર ફેંટો મારી ઈજાઓ પહોંચાડી હતી અને જો કોઈને જાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.જે સંદર્ભે ગુનો દાખલ થયા બાદ કલોલ કોર્ટના પાંચમાં એડિશનલ સેશન્સ જજ બી.આર.રાજપુતની કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ રાકેશ એલ. પટેલ અને જે.એચ.જોષી દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો તેમજ પુરાવાઓને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી વિજય રાઠોડને કસૂરવાર ઠેરવી પોકસો એક્ટની કલમ મુજબ ત્રણ વર્ષની સખત કેદની સજા અને ૧૫ હજાર રૃપિયાનો દંડ ફટકાર્યો હતો. જ્યારે સગીરાને ૫૦ હજાર રૃપિયા વળતર ચૂકવવા પણ હુકમ કરવામાં આવ્યો હતો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**સામગ્રીનો પુરવઠો**

ભારતના રાષ્ટ્રપતિ વતી સિનિયર ડીએમએમ અમદાવાદ સામગ્રીના પુરવઠા માટે નીચેના ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડરને આમંત્રણ આપે છે:

| ક્ર. સં. | સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન | માત્રા | ટેન્ડરની અંતિમ તારીખ |
|---|---|---|---|
| 1 | ઈન્ટર વેહીકુલર કપ્લર | 56 સેટ | 03.02.2026 |
| 2 | કમિન્સ મેક માટે ડી ચેક કીટ માટેના સ્પેરપાર્ટ્સ | 08 સેટ | 09.02.2026 |

ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના અંગે, કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ADI 246

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# પાટનગર ગાંધીનગરમાં રોગચાળો ફાટી નિકળ્યો : ટાઈફોઈડના ૧૦૦થી વધુ કેસ આવતા આરોગ્ય વિભાગ મા દોડધામ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં રોગચાળો ફાટી નિકળ્યો છે. ગાંધીનગરમાં દુષિત પાણીના કારણે આરોગ્ય ક્ષેત્રે કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં અચાનક ટાઈફોઈડના કેસમાં ઉછાળો આવતા તંત્ર દોડતુ થયુ છે. અત્યાર સુધીમાં ૧૦૪ જેટલા શંકાસ્પદ કેસો બહાર આવ્યા છે. જેમાં બાળકોની સંખ્યા ચિંતાજનક છે, સ્થિતિની ગંભીરતા જોતા પ્રભારી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તાત્કાલીક સીવીલ હોસ્પીટલ દોડી આવ્યા હતા અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તો બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ કલેકટર સાથે ટેલીફોનીક વાતચીત કરી સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળાએ માથા ઉચકતા જ રાજય સરકાર સતર્ક બની છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાત્કાલીક અસરથી ગાંધીનગર કલેકટર, મ્યુનિસીપલ કમિશ્નર, મેયર અને આરોગ્ય અધિકારીઓ સાથે હાઈલેવલ મીટીંગ યોજી હતી. આ બેઠકમાં રોગચાળાને ડામવા માટે યુધ્ધના ધોરણે કામગીરી કરવાના આદેશો આપવામાં આવ્યા છે. બેઠક બાદ સંઘવીએ સીવીલ હોસ્પીટલની મુલાકાત લીધી હતી અને દાખલ દર્દીઓના ખબરઅંતર પુછયા હતા. તેમણે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે દર્દીઓની સારવાર માટે સ્પેશ્યલ ૨૨ તબીબોની ટીમ તૈનાત કરવામાં આવી છે અને દર્દીઓના સગા માટે ભોજન સહિતની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સ્માર્ટ સીટી ગણાતા ગાંધીનગરમાં પણ ડ્રેનેજ લાઈન અને પીવાના પાણીની લાઈનો મીકસ થઈ જતા આ હોનારત સર્જાઈ છે. કરોડોના ખર્ચે નંખાયેલી નવી લાઈનોમાં ગટરનુ પાણી ભળતા સેકટર ૨૪, ૨૮ અને આદિવાડા વિસ્તારમાં ટાઈફોઈડનો વિસ્ફોટ થયો છે. ચોખ્ખા પાણીની જગ્યાએ પ્રદુષિત પાણી મળતા લોકો બિમારીના ખપ્પરમાં હોમાયા છે. જે તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થાય છે. આરોગ્ય વિભાગના આંકડાઓ અત્યંત ચોકાવનારા છે.



સીવીલ હોસ્પીટલના સત્તાધીશોના જણાવ્યા મુજબ ૧ થી ૧૬ વર્ષ વયજુથના બાળકો આ રોગચાળાનો સૌથી વધુ ભોગ બન્યા છે. હાલમાં એફ-૨ અને ઈ-૨ વોર્ડ માં કુલ ૧૦૪ જેટલા બાળકો સારવાર હેઠળ છે. છેલ્લા માત્ર ૩ દિવસમાં જ પોઝીટીવ કેસોના દરમાં ૫૦ ટકા નો જંગી વધારો નોંધાયો છે. સ્થિતિને પહોચી વળવા માટે સીવીલમાં તાત્કાલીક નવો વોર્ડ શરૂ કરવાની ફરજ પડી છે. હાલ ૪૨ દર્દીઓ સીવીલમાં અને બાકીના નજીકના આરોગ્ય કેન્દ્રોમાં સારવાર લઈ રહ્યા છે.

ગાંધીનગર કલેકટર સાથે અમિત શાહે વાતચીત કરી પરીસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તંત્ર દ્વારા હાલમાં રોગચાળાને કાબુમાં લેવા માટે મલ્ટીપરપઝ હેલ્થ વર્કર્સ અને આશાબહેનો સહિત ૮૦ થી વધુ સ્ટાફની ૪૦ ટીમો મેદાનમાં ઉતારવામાં આવી છે. આ ટીમોએ અત્યાર સુધીમાં ૧૦ હજાર મકાનો અને ૩૮ હજાર લોકોનો સર્વે કર્યો છે.

# ગુજરાત કોંગ્રેસે મનરેગા બચાવોનુ ફુંકયુ આંદોલનનુ રણશિંગુ: ૮ જાન્યુ. થી ૨૫ ફેબ્રુ. સુધી રાજયમાં આંદોલનના મંડાણ

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્ર સરકારે ગ્રામિણ રોજગાર માટેની જુની મનરેગા યોજનામાં જડમુળમાંથી ફેરફાર કરી તેને નવા નામ અને માળખા સાથે લાગુ કરી છે, જો કે આ નવા ફેરફારો સામે વિપક્ષ આક્રમક મુડમાં છે. ગુજરાત કોંગ્રેસે સરકારની નવી નીતિ સામે બાંયો ચઢાવી છે અને આગામી ૮ જાન્યુઆરીથી રાજયભરમાં મનરેગા બચાવો કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે. નવી યોજનામાં રોજગારીના દિવસો વધ્યા છે પરંતુ ફન્ડીંગ પેટર્ન બદલાતા વિવાદ સર્જાયો છે.



કેન્દ્ર સરકારના નિર્ણય સામે વિરોધ નોંધાવવા માટે ગુજરાત કોંગ્રેસે કમરકસી છે. પ્રદેશ નેતૃત્વ દ્વારા તારીખ ૮ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી સુધીના લાંબા આંદોલનનો રોડ મેપ જાહેર કરવામાં આવ્યો છે. આ વિરોધ પ્રદર્શન માં ગ્રામ પંચાયતથી લઈને કલેકટર કચેરી સુધીનો કાર્યક્રમનો સમાવેશ થાય છે. કાર્યક્રમની રણનીતી તરફ નજર કરીએ તો તારીખ ૮ જાન્યુઆરી પ્રદેશસ્તરે બેઠક યોજીને રણનીતી નકકી કરાશે, ૧૦ જાન્યુઆરીએ રાજયના તમામ જિલ્લા મથકો પર પ્રેસ કોન્ફરન્સ યોજાશે, ૧૧ જાન્યુઆરીએ દરેક જિલ્લા મથકે પ્રતિકાત્મક ઉપવાસ અને ધરણા યોજાશે, તારીખ ૧૨ થી ૨૯ જાન્યુઆરી સુધી ગ્રામ પંચાયત સ્તરે જનસંપર્ક અભિયાન ચલાવવામાં આવશે, ૩૦ જાન્યુઆરીએ તમામ વોર્ડમાં શાંતિપૂર્ણ ધરણા યોજાશે, ૩૧ જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી સુધી જિલ્લા કલેકટર કચેરીએ ધરણા અને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાશે, જયારે ૧૬ ફેબ્રુઆરીથી ૨૫ ફેબ્રુઆરી સુધી રાજયના તમામ ઝોનમાં વિશાળ રેલી અને જનસભાઓ યોજાશે.

ડીસેમ્બર ૨૦૨૫ માં કેન્દ્ર સરકારે જુના કાયદામાં ફેરફાર કરીને નવો કાયદો વિકસિત ભારત ગેરન્ટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામિણ અમલમાં મુકવામાં આવ્યો છે) આ યોજનાનો મુખ્ય હેતુ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ ને હાંસલ કરવાનો છે. હવે જુની મનરેગા યોજનાનુ સ્થાન આ નવા એકટ દ્વારા લેવામાં આવ્યુ છે. ગ્રામિણ શ્રમિકો માટે આ એક સારા સમાચાર એ છે કે નવી યોજના હેઠળ રોજગારીની ગેરન્ટી વધારવામાં આવી છે. અત્યાર સુધી એક નાણાંકીય વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી મળતી હતી. જે વધારીને હવે ૧૨૫ દિવસ કરવામાં આવી છે. આ ફેરફાર થી ગ્રામિણ અર્થતંત્ર મજબુત થશે અને શ્રમિકોની આવકમાં વધારો થશે તેવો સરકારનો દાવો છે. નવી યોજનામાં સૌથી મોટો વિવાદ નાણાંકીય જોગવાઈને લઈને છે અગાઉની મનરેગા યોજનામાં મજુરીનો ૧૦૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવતી હતી પરંતુ નવા વી બી જી રામ જી એકટ મુજબ ગુજરાત જેવા સામાન્ય રાજયો માટે આ રેશીયો બદલીને ૬૦:૪૦ કરી દેવામાં આવ્યો છે. એટલે કે હવે વેતન અને મટીરીયલના કુલ ખર્ચના ૪૦ ટકા રાજય સરકાર ભોગવશે. માત્ર પૂર્વોત્તર અને પહાડી રાજયો માટે જ કેન્દ્ર ૯૦ ટકા અને રાજય ૧૦ ટકાનો હિસ્સો આપશે. કોંગ્રેસનો આક્ષેપ છે કે આનાથી રાજય સરકારો પર આર્થિક બોજ વધશે અને આખરે ગરીબોને નુકશાન થશે.

# પંચાયત મંત્રી ઋષીકેશ પટેલે ગુજરાતના ડીડીઓની બેઠકમાં કહ્યું ગામડામાં ટુકડે ટુકડે ગટર બનાવવાને બદલે એક સંકલિત ગટર વ્યવસ્થા ઉભી કરવી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આજે શનિવારે પંચાયત મંત્રી ઋષીકેશ પટેલે રાજયના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે ગાંધીનગરમાં બેઠક યોજી હતી. આ બેઠકમાં પંચાયત મંત્રી તેમજ પંચાયત , ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ ગ્રામિણ સ્તરે ચાલી રહેલી વિવિધ વિકાસલક્ષી યોજનાઓની પ્રગતિની સમિક્ષા કરી તેને વેગ આપવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. આ બેઠક દરમિયાન પંચાયત મંત્રીએ સ્પષ્ટ સુચના આપી હતી કે જિલ્લાના આયોજનની ગ્રાન્ટમાંથી સવાગણુ એટલે કે ૧૨૫ ટકા આયોજન કરવુ, જેથી કોઈ કામ રદ થાય તો અન્ય કામો તુરંત હાથ ધરી શકાય,



વધુમાં મંત્રીએ જિલ્લાના સરકારી મકાનો પર સ્માર્ટ મીટર અને સોલર રૂફટોપ લગાવવાની પ્રાથમિકતા પર ભાર મુકયો હતો. ગ્રામિણ વિસ્તારોમાં રોડ, પાણી અને ગટરના કામોની સમિક્ષા કરતા તેમણે જણાવ્યુ હતુ કે ટુકડે ટુકડે ગટર બનાવવાને બદલે એક સંકલિત ગટર વ્યવસ્થા ઉભી કરવી, વહિવટી તંત્રને વધુ પારદર્શિ બનાવવા માટે મંત્રીએ ઈ-સરકાર એપ્લીકેશનના ફરજીયાત અમલીકરણ અને પડતર ફાઈલોના ત્વરીત નિકાલ માટે બેઠકમાં આદેશો આપ્યા હતા. વધુમાં સીડીપી-૫ યોજના અંતર્ગત બાકી રહેલા ગ્રામ પંચાયત ભવનો અને રાજીવ ગાંધી ભવનની દરખાસ્તો વહેલીતકે પુર્ણ કરવા પણ મંત્રીએ જણાવ્યુ હતું. આ ઉપરાંત જનતાને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે જન્મ મરણની ઓનલાઈન નોંધણીમાં આવતી ટેકનીકલ ખામીઓને સત્વરે દુર કરવા પણ બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જુથ ગ્રામ પંચાયતોનુ વિભાજન, નવા પંચાયત ઘરનુ નિર્માણ અને પાણી પુરવઠા યોજનાઓ જેવી ધારાસભ્યો અને પદાધિકારીઓ તરફથી મળેલી વિવિધ રજુઆતોની સમિક્ષા કરવામાં આવી હતી.

ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલી ગ્રામ પંચાયતો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીકના વિસ્તારોમાં પાયાની માળખાગત સુવિધાઓ વધુ સુદ્રઢ કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત બેઠકમાં મંત્રીએ રાજયની અને કેન્દ્ર સરકારની વિવિધ આવાસ યોજના માટે ગામતળ અને પ્લોટ ની ઉપલબ્ધતા અંગે સમિક્ષા કરી હતી. સાથે જ તેમણે ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની જિલ્લામાં આવેલી ખુલ્લી જમીનો પર દબાણ ન થાય અને નાગરીકોને અફોર્ડેબલ હાઉસિંગ સુવિધા પુરી પાડવા બાબતે પણ સમિક્ષા કરવામાં આવી હતી.

# પોલીસ સ્ટેશન રાત્રે ખુલ્લા રહી શકે તો સરકારી કચેરીઓ રાત્રે કેમ ખુલ્લી ન રહે ? ગોપાલ ઈટાલીયાએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ મુખ્યમંત્રીને એક અનોખો પ્રસ્તાવ મુકતા પત્ર લખ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી ગોપાલ ઈટાલીયાએ માંગ કરી છે કે ગુજરાતમાં મામલતદાર, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત સહિતની નાગરીકો સાથે જોડાયેલી કચેરીઓને રાત્રે મોડા સુધી ખુલ્લી રાખવી જોઈએ,

ગોપાલ ઈટાલીયાએ મુખ્યમંત્રી સમક્ષ મુકયો અનોખો પ્રસ્તાવ તેમાં તેમણે રાત્રે સરકારી કચેરીઓ ખુલ્લી રાખવાની માંગ કરી છે. ગુજરાતમાં નાગરીકોને સરકારી કામકાજ માટે નોકરી-ધંધા માં રજા પાડીને સરકારી કચેરીના ધકકા ખાવા ન પડે એ માટે



ગોપાલ ઈટાલીયાએ મુખ્યમંત્રી સમક્ષ આ પ્રસ્તાવ મુકયો છે. મુખ્યમંત્રી જોગ લખેલા આ પત્રમાં ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ છે કે જો પોલીસ સ્ટેશન અને ટોલનાકા જેવી વ્યવસ્થાઓ રાત દિવસ ચાલુ રહી શકતી હોય તો જનતાના હિત માટે વહિવટી કચેરીઓ રાત્રે ૯ વાગ્યા સુધી કેમ ચાલુ ન રાખી શકાય ? ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પત્રમાં જણાવ્યુ છે કે ગુજરાતમાં હાલમાં પોલીસ સ્ટેશન, ફાયર બ્રિગેડ, એસ ટી બસ સ્ટેન્ડ, ટોલનાકા, સરકારી દવાખાના સહિત અનેક સરકારી વ્યવસ્થા રાત્રી દરમિયાન પણ ચાલુ રહે છે.

આથી જનતાને જરૂરી હોય તેવી કચેરીઓ પણ બપોરના ૨ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા દરમિયાન ચાલુ કરવામાં આવે તો લોકોને કામ ધંધામાં રજા રાખવી નહી પડે અને જનતાને સરળતા થઈ શકે તેમ છે. જો સરકારી ટોલનાકા આખી રાત ચાલુ રાખી શકાય તો મામલતદાર કચેરી, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને પ્રાંત કચેરી રાતના ૯ વાગ્યા સુધી ચાલુ કેમ ન રાખી શકાય ? અરજદારોએ પોતાની નોકરી કે ધંધામાં રજા રાખ્યા વગર સરળતાથી પોતાનુ કામ કરાવી શકે તે માટે જનતાના હિતને ધ્યાનમાં રાખીને રાત્રી કચેરી ચાલુ કરવાનો નિર્ણય કરવા મારી વિનંતી છે.

# ભાજપ નેતાના ડ્રાઈવરને તકલીફ પડતા રોડ રસ્તા પર લગાડેલુ બોર્ડ ઉખેડી ફેંકી દીધુ: પૂર્વ નાણાંમંત્રી વજુભાઈવાળાનો ડ્રાઈવર હોવાનુ અનુમાન

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં એથ્લેટીકસ ગ્રાઉન્ડ પાસે કાર ને પાર્ક કરવા માટે એક શખ્સે કોર્પોરેશનનુ બોર્ડ ઉખાડી નાંખવાની ઘટના બની હતી. સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થયા બાદ વિવાદ ઉભો થયો હતો. વિડીયો વાયરલ થતા લોકોએ સવાલો ઉઠાવ્યા હતા, ત્યારે પાર્કિંગ બોર્ડ હટાવનાર પૂર્વ ધારાસભ્ય લખેલી મર્સિડીઝ કાર પૂર્વ નાણાંમંત્રી વજુભાઈવાળા ની હોવાનુ બહાર આવ્યુ છે.

રાજકોટના એથ્લેટીકસ ગ્રાઉન્ડ પાસે ગઈ કાલે રાત્રે ધારાસભ્ય ગુજરાત લખેલી મર્સિડીઝ કાર પાર્ક કરવા એક શખ્સે કોર્પોરેશનનુ બોર્ડ ઉખેડી નાખ્યુ હતું. પોતાની ગાડી પાર્ક કરવા માટે બોર્ડ નડતુ હોઈ એ માટે તેના સ્ટેટસને શોભે નહી તેવુ કૃત્ય કર્યુ હતું. વિડીયોમાં જોવા મળ્યુ કે મર્સિડીઝ કારમાંથી શખ્સ પહેલા નીચે ઉતરે છે, આજુબાજુ જુએ છે અને બાદમાં બોર્ડ





ને જડમુળમાંથી ઉખેડવાનો પ્રયત્ન પણ કરે છે, વિડીયો વાયરલ થતા લોકોએ સવાલ ઉઠાવી રહ્યા છે કે મર્સિડીઝ કારમાં આવેલ આ વ્યકિતની આ તે કેવી માનસિકતા , ત્યારે મર્સિડીઝ કારના ચાલકે સાઈનબોર્ડ હટાવવાનો મુદ્દો રાજકોટમાં ટોકીંગ પોઈન્ટ બન્યો હતો. આખરે પૂર્વ ધારાસભ્ય લખેલી મર્સિડીઝ કાર પૂર્વ નાણાંમંત્રી વજુભાઈવાળાની હોવાનુ બહાર આવ્યુ હતું. વજુભાઈવાળા એથ્લેટીકસ ગ્રાઉન્ડમાં વોકીંગ કરવા આવ્યા હતા, ડ્રાઈવર કાર રીવર્સ લેવા જતા સાઈડબોર્ડ સાથે કાર અથડાઈ હતી, સાઈનબોર્ડ પાર્કિંગ માં નડતુ હોવા છતાં ડ્રાઈવરે ગાડી કાઢવાનો પ્રયાસ કર્યો હતો. જો કે વિવાદ થયા બાદ વજુભાવાળાએ ડ્રાઈવરને ઠપકો પણ આપ્યો હતો. રાજકોટની આ ઘટના એક સ્થાનિકે પોતાના મોબાઈલમાં કેદ કરી હતી. વિડીયો ઉતારનાર પરેશ જોશીએ મીડીયા સમક્ષ આવીને કહ્યુ કે ગઈ કાલે સાંજે હું વોકીંગ કરતો હતો ત્યારે આ ઘટના બની હતી, મર્સિડીઝ કાર પાર્કિંગ કરતા સામે રીવર્સ લેતા બોર્ડ સાથે અથડાઈ હતી. કારમાં થી એક વ્યકિત નીચે ઉતરીને બોર્ડને મુળમાંથી ઉખેડવા લાગ્યો હતો. આ ઘટનાનો વિડીયો મેં ઉતાર્યો જેથી લોકોને પણ ખ્યાલ આવે કે પૂર્વ ધારાસભ્ય ગુજરાત લખેલી કારમાંથી નીચે ઉતરેલા વ્યકિત આવુ કરે તો સામાન્ય જનતાને શું સમજવાનું ? સરકારી પ્રોપર્ટીને નુકશાન થતુ હતુ માટે વિડીયો બનાવ્યો હતો. આ વ્યકિત વિરૂધ્ધ નિયમ મુજબ સખત કાર્યવાહી થવી જોઈએ.

# દાદાએ સરકારી કર્મચારીઓને આપી ચેતવણી: ૩૧ જાન્યુ. સુધીમાં મિલ્કતોનું પત્રક જમા નહી કરાવો તો પગાર અટકી જશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા રાજયના વર્ગ ૧ થી ૩ ના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે મિલ્કતોના વાર્ષિક પત્રક સંદર્ભે કડક સુચનાઓ જારી કરવામાં આવી છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૫ દરમિયાનની પોતાની તમામ સ્થાવર અને જંગમ મિલ્કત દર્શાવતા પત્રકો આગામી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ઓનલાઈન જમા કરાવવા તાકીદ કરવામાં આવી છે.



રાજયના વહિવટી વિભાગના જણાવ્યા અનુસાર તમામ કર્મચારીઓએ આ વિગતો તારીખ ૧/૧/૨૦૨૬ થી તારીખ ૩૧/૧/૨૦૨૬ સુધીમાં બનતી ત્વરાએ કર્મયોગી પોર્ટલ પર ઓનલાઈન જમા કરાવવાની રહેશે. આ પ્રક્રિયાને વધુ સુગમ બનાવવા માટે વિભાગ દ્વારા નિયત ફોર્મ અને માર્ગદર્શિકા પણ બહાર પાડવામાં આવી છે. ગુજરાત રાજય સેવા વર્તણુંક નિયમો ૧૯૭૧ ના નિયમ ૧૯ હેઠળ આ જોગવાઈ કરવામાં આવેલી છે. જે મુજબ દરેક કેલેન્ડર વર્ષ પુરૂ થયા બાદ જાન્યુઆરી મહિનામાં મિલ્કતોનુ પત્રક સરકારમાં જમા કરાવવુ અનિવાર્ય છે. તેમજ અગાઉ આ નિયમ ઉચ્ચ અધિકારીઓ માટે હતો. પરંતુ વર્ષ ૨૦૨૪ થી વર્ગ -૩ ના કર્મચારીઓને પણ આ જોગવાઈ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

સરકારે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કોઈ અધિકારી કે કર્મચારી નિયત સમયમર્યાદામાં પોતાની મિલ્કતોનુ પત્રક ઓનલાઈન સબમીટ નહી કરે તો તેમનો પગાર અટકાવવામાં આવશે. વહિવટી તંત્રમાં શિસ્ત અને પ્રમાણિકતા જળવાઈ રહે તે હેતુથી આ કડક વલણ આપનાવવામાં આવ્યુ છે. કર્મચારીઓએ તેમની માલિકીના મકાન, જમીન(સ્થાવર મિલ્કત ) તેમજ વાહન, સોનુ, શેરબજાર કે અન્ય રોકાણો (જંગમ મિલ્કત) ની વિગતો આપવાની રહેશે. આ પ્રક્રિયાથી સરકાર પાસે કર્મચારીઓની વર્ષ દરમિયાનની મિલ્કતમાં થયેલા વધારા ઘટાડાનો સત્તાવાર રેકોર્ડ ઉપલબ્ધ થશે.

રાજય સરકારના આ આદેશથી હવે તમામ વિભાગોના કર્મચારીઓએ જાન્યુઆરી મહિનામાં જ પોતાની મિલ્કતોની વિગતો ફાઈલ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

પોર્ટલ પર ડેટા એન્ટ્રી કરવાની પ્રક્રિયામાં કોઈ ભુલ ન રહે તે માટે જીએડી દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાનો અભ્યાસ કરવા પણ સુચના અપાઈ છે.

# પોલીસ ભરતીમાં આગામી ૨૧ જાન્યુ.થી શારીરિક કસોટીનો પ્રારંભ: ૧૩૫૯૧ જગ્યાઓ માટે જામશે જંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસદળમાં જોડાવવા માંગતા ઉમેદવારો માટે લાંબા સમયની પ્રતિક્ષાનો અંત આવ્યો છે. રાજય પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોક રક્ષક દળ (એલઆરડી) અને પીએસઆઈ ની ભરતી માટેની શારીરિક કસોટીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. આગામી ૨૧ જાન્યુઆરીથી રાજયના વિવિધ સેન્ટરો પર શારીરિક કસોટી શરૂ થશે. રાજય સરકાર દ્વારા પોલીસ વિભાગની કુલ ૧૩૫૯૧ જગ્યાઓ માટે આ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ વખતે ભરતીમાં અભુતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો છે.




કારણ કે આ આટલી જગ્યાઓ સામે ૧૪ લાખ કરતા વધુ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે એક એક જગ્યા માટે ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી જોવા મળશે. મહત્વનુ છે કે આ વખતે એલઆરડી અને પીએસઆઈ બંને કેડર માટે શારીરિક કસોટીના આયોજન અંગેની સ્પષ્ટતા કરવામાં આવી છે. ૨૧ જાન્યુઆરીથી શરૂ થનારી આ કસોટીમાં દોડ અને અન્ય શારીરીક માપદંડો ચકાસવામાં આવશે. ભરતી બોર્ડ દ્વારા ટુંક સમયમાં ઉમેદવારોના કોલ લેટર ડાઉનલોડ કરવા અંગેની વિગતો પણ સત્તાવાર વેબસાઈટ પર મુકવામાં આવશે. તારીખ જાહેર થતા જ રાજયભરના મેદાનોમાં પ્રેકટીસ કરી રહેલા ઉમેદવારોમાં જોશ જોવા મળી રહ્યો છે. હવે જયારે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારોએ પોતાની શારીરીક ક્ષમતા સાબિત કરવા માટે એડીચોટીનુ જોર લગાડવુ પડશે.

# પૂર્વ ગૃહમંત્રી હરેન પંડયા હત્યામાં પિતા વિઠ્ઠલ પંડયાએ નરેન્દ્ર મોદીને કેમ જવાબદાર ગણાવ્યા ? ૨૨ વર્ષ બાદ ફરી હરેન પંડયાના પિતાએ કર્યો સળવળાટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપમાં મોટુ વર્ચસ્વ ધરાવતા અને ગુજરાતના પુર્વ ગૃહમંત્રી રહી ચુકેલા હરેન પંડયા મર્ડર કેસ હજુ પણ લોકમાનસમાં અંકિત છે. તારીખ ૨૬ મી માર્ચ ૨૦૦૩ નો એ દિવસ હતો, ૪૨ વર્ષીય હરેન પંડયા અમદાવાદના પોતાના ઘરે થી નિકળી લો ગાર્ડન ખાતે મોર્નિંગ વોક માટે ગયા હતા,મોર્નિંગ વોક પછી તેમની કારમાં બેઠા હતા. જયાં કથિત રીતે બે હત્યારાઓ દ્વારા તેઓને ૫ ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી.

આ મર્ડર કેસની ઘટના બાદ ભારે હોબાળો મચી ગયો અને કેસ ચાલી જતા શરૂઆતમાં ટ્રાયલ કોર્ટનો ચુકાદો આવ્યો, વર્ષ ૨૦૦૭ માં પોટા અદાલત દ્વારા ૧૨ આરોપીઓને આજીવન કેદની સજા કરવામાં આવી હતી. ત્યારબાદ હાઈકોર્ટનો ૨૦૧૧ ના



ચુકાદામાં હાઈકોર્ટે પુરાવાના અભાવે તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા અને મુકત કરવાનો આદેશ આપ્યો, ત્યારબાદ સીબીઆઈ અને ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકાર્યો અને મામલો સુપ્રિમ કોર્ટમાં પહોચ્યો જયાં ૨૦૧૯ માં સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટનો ચુકાદો પલ્ટી નાખ્યો અને ૭ આરોપીઓની આજીવન કેદની સજા યથાવત રાખી,

સીબીઆઈ તપાસ દરમિયાન ૨૦૦૨ ના કોમી રમખાણોનો બદલો લેવા માટે આ હત્યાનુ કાવતરૂ રચાયુ હોવાનુ કહેવામાં આવ્યુ હતું. ત્યારબાદ કેસની ફરી તપાસની માંગ કરતી એનજીઓ ની અરજી ફગાવી દીધી અને અરજદાર એનજીઓને દંડ પણ ફટકાર્યો હોવાની વાત રેકર્ડ પર છે. જો કે આ બધા વચ્ચે હરેન પંડયાની હત્યા બાદ તેમના પિતા વિઠ્ઠલભાઈ પંડયાએ નરેન્દ્ર મોદી ઉપર ગંભીર પ્રકારના આરોપ મુકયા હતા અને તેઓએ હરેન પંડયાની હત્યાના નામજોગ ઉલ્લેખ કરી પોતાના પુત્ર હરેન પંડયા હત્યા કેસમાં નરેન્દ્ર મોદી સંડોવાયેલા હોવાનુ જણાવી સનસનાટી મચાવી હતી. તેઓના મતે હરેન પંડયા મોદી માટે રાજકીય હરીફ હતા તેથી હત્યા કરાવી દેવામાં આવી હતી. આ મામલે અનેકવાર વિપક્ષ દ્વારા ચર્ચાયો છે. તાજેતરમાં મમતા બેનર્જીને પણ આ કેસ મામલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. ત્યારે હવે ફરી એકવાર ગુજરાતના રાજકારણમાં આ મામલો ચકચારી બન્યો છે.